# સમાન નાગરિક સંહિતા

**મૌલાના વહીદુદ્દીન ખાન**

**સમાન નાગરિક સંહિતા**

(એક વિવેચનપૂર્ણ અધ્યયન)

**મૌલાના વહીદુદ્દીન ખાન**

<u>અનુક્રમણીકા</u>

૧. બંધારણ - બીન જરૂરી વિસ્તરણ ………………..
૨. નેહરૂ રિપોર્ટ …………………………………..
3. સુપ્રિમ કોર્ટનો ચુકાદો ………………………….
૪. બંધારણની કલમ ૪૪ ………………………….
૫. ધાર્મિક સ્વતંત્રતા - એક અફર અધિકાર ………
૬. ધાર્મિક અને વ્યક્તિગત કાયદો ………………….
૭. સમાન સંહિતા અને રાષ્ટ્રીય એકતા ……………
૮. ન્યાયાધીશ કુલદીપ સિંહનો ચુકાદો ……………..
૯. સમાજમાં તિરાડ - અંગ્રેજોનો વારસો ……………..

૧૦. સમાન સંહિતા - એકરૂપતા લાવવા અનુપયુક્ત …
૧૧. બૌદ્ધિકોની પ્રતિક્રિયા ……………………………..
૧૨. સમાન નાગરિક કાયદા વિશે ગુરૂ ગોલવલકર……..
૧૩. પ્રકૃતિનો ક્રમ ……………………………………….
૧૪. અવ્યવહારૂ ………………………………………….
૧૫. કાયદાની મર્યાદાઓ ……………………………….
૧૬. ધર્મપરિવર્તનની સમસ્યા ………………………….
૧૭. કલમ ૪૪ - નાબૂદ કરવા યોગ્ય ………………….
૧૮. એકવિધ-સાંસ્કૃતિક રાષ્ટ્ર અને બહુવિધ-સાંસ્કૃતિક રાષ્ટ્ર ……
૧૯. વસતી વધારાનો ભય …………………………..
૨૦. સમાનતા નહી, સમાયોજન ……………………….
૨૧. હિંદુ સમુદાયના રિવાજો …………………………..
૨૨. વાસ્તવિક જરૂરત - એક રાષ્ટ્રીય ચારિત્ર્ય ………
૨૩. શિક્ષણનું મહત્વ …………………………………..
૨૪. શિક્ષણ ફક્ત નોકરી માટે નથી …………………..
૨૫. જેની વાસ્તવિક જરૂરત છે ……………………….
૨૬. મુસ્લિમોને સલાહ ………………………………….

# સમાન નાગરિક સંહિતા

## એક વિવેચનપૂર્ણ અધ્યયન

સ્વતંત્રતા પહેલાં પણ, સમાન નાગરિક સંહિતાનો વિચાર ચર્ચાનો વિષય હતો. આજે પણ એ મુદ્દા પર ધ્યાન કેંદ્રીત કરવામાં આવે છે, પરંતુ સ્વતંત્રતા પછી અપનાવવામાં આવ્યો હોય તે રીતે, આજે તેને ભારતના સંવિધાનના એક મોટા સંદર્ભમાં જોવામાં આવે છે. (કલમ ૪૪, સમાન નાગરિક સંહિતા.)

# ૧ - સંવિધાન

## અતિ વિસ્તીર્ણ

એક દેશનું શાસન કઈ રીતે કરવું તેના મૂળભૂત સિદ્ધાંતોને લક્ષમાં રાખીને બંધારણની રચના કરવામાં આવે છે. એક શ્રેષ્ઠ કાનૂની દસ્તાવેજ તરીકે તેમાં સંક્ષિપ્તતાનો ગુણ હોવો જરૂરી છે. બંધારણ જેટલું લાંબું હશે, અતિ મહત્વની

માહિતીઓ તેની વિગતમાં ખોવાઈ જશે અને દેખીતી રીતે, રાષ્ટ્રીય આકાંક્ષો સાથે તેને સુસંગત કરવા તેમાં વધુ ફેરફારો કરવાની જરૂરત પડશે. આના કારણે તે વધૂ જટિલ તેમજ આસાનીથી સમજવામાં મુશ્કેલ બનશે અને તેથી તે તેનું સન્માન ખોઈ બેસશે. તેની લંબાઈ અને જટિલતાના કારણે સામાન્ય નાગરિક ગુંચવાઈ જશે અને જરૂરીયાતના સમયે તેની મદદ લેવા માટે  ખચકાશે. તેમને લાગશે કે આ ફક્ત કાયદાકીય નિષ્ણાંતો જ સમજી શકે છે અને તેથી તે તેમના પ્રશ્નોને હલ કરવા માટે બહુ ઓછું કામ કરે છે.

અને તેથી જ, મોટાભાગના વિદ્વાનો જેમકે, વિસ્કોનસન વિશ્વવિધાલય ના આંતરરાષ્ટ્રીય સંવિધાન નિષ્ણાત પ્રોફેસર ડેવિડ ફેલમેન થી લઈને ભારતના સુપ્રસિદ્ધ સંવિધાન તજજ્ઞ શ્રી નાની પાલખીવાલા સુધીનાએ સંક્ષિપ્ત સંવિધાનનું સમર્થન કર્યું છે.

આધુનિક યુગમાં વિશ્વના તમામ વિકસિત દેશોનું સંવિધાન અત્યંત સંક્ષિપ્ત છે. દાખલા તરીકે, વિશ્વના સૌથી વિકસિત દેશ, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના બંધારણમાં ફક્ત ૭000 શબ્દો છે. તેવી જ રીતે, અત્યંત

વિકસિત દેશ જાપાનનું બંધારણ પણ ખૂબ જ ટૂંકું છે. પરંતુ અવિકસિત દેશ જ્યોર્જયાના સુધારેલા બંધારણમાં પાંચ લાખ શબ્દો છે. (  એનસાઈક્લોપીડીયા બ્રિટાનિકા, ૫/૮૫૮૬)

ભારતનું સંવિધાન કદાચ વિશ્વના તમામ લોકતાંત્રિક દેશોના બંધારણોમાં સૌથી મોટું છે. ૧૨ વિગતવાર અનુસૂચિઓમાં ૩૯૫ અનુચ્છેદો છે, જેમાં ઘણા પેટા-અનુચ્છેદો સમાવિષ્ટ છે. નવેમ્બર ૧૯૪૯ થી આજદિન સુધી તેમાં કરવામાં આવેલા ૮0 ફેરફારો ઉપરાંત હજી પણ અનેક ફેરફારોની વધી રહેલી માંગણીઓ પૂરવાર કરે છે કે આટલું વિસ્તૃત બંધારણ કેટલું અવાસ્તવિક છે. આટલું બધું હોવા છતાં, આ ‘વ્યાપક’ સંવિધાન દેશને પ્રગતિના પથ પર આગળ લઈ જવામાં નિષ્ફળ રહ્યું છે.

પ્રથમ સંવિધાનની રચના થઈ ત્યારે (૧૯૪૬-૪૯) ડો.રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના પ્રમુખ હતાં. તેના પર તેમણે ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ ના રોજ હસ્તાક્ષર ભલે કર્યાં પરંતુ તેઓ આટલા બધાં લાંબા દસ્તાવેજની વિરુદ્ધ હતાં.

બંધારણ સભાને પોતાના સમાપન ભાષણમાં ડો.રાજેન્દ્ર પ્રસાદે કહ્યું કે, દરેક વસ્તુને બંધારણમાં લખી ન શકાય, અને તેમને તંદુરસ્ત સંમેલનના વિકાસની આશા છે. પરંતુ એ શક્ય ન બન્યું અને દરેક વસ્તુને બંધારણમાં આલેખવામાં આવી. (ધ હિન્દુસ્તાન ટાઈમ્સ, મે ૨૪, ૧૯૯૫)

બિનજરૂરી કલમો એક સંવિધાનને અતિશય ભારે બનાવે છે. ભારતીય સંવિધાનમાં એવી અનેક કલમો છે જેમાંથી સમાન નાગરિક સંહિતાને લાગુ પડતી એક કલમ-૪૪ છે, જે રાજ્યની નીતિના નિર્દેશક સિદ્ધાંતો હેઠળ આવે છે. તેમાં સૂચિત કર્યાં મુજબ, રાજ્ય દ્વારા સમગ્ર ભારતમાં સમાન નાગરિક સંહિતા સુરક્ષિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ કલમ એટલી જ અસંવિધાનિક છે જેટલું એમ કહેવું કે રાજ્ય દ્વારા દેશના દરેક નાગરિકો માટે સમાન ભોજનની યાદી કે સમાન પહેરવેશ માટે પ્રયત્ન કરવો. જે રીતે દેશના તમામ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો એક સમાન ભોજન ન જમી શકતા હોય કે એક સમાન પહેરવેશ ન પહેરી શકતા હોય, તે જ રીતે ભારત જેવા વિશાળ દેશના નાગરિકો માટે

તેમની લગ્નવિધિ સમગ્ર દેશમાં એક સમાન રિવાજો મુજબ કરવાનું અશક્ય છે, ભલે પછી તેના અમલ માટે કાયદો બન્યો હોય.

નાગરિકોના અંગત જીવનમાં વ્યક્તિગત રૂચિઓ અને અભિરૂચિઓના મનસ્વી દમન દ્વારા, એકરૂપતા લાવવાના પ્રયાસોથી દૂર, બંધારણનું કાર્ય રાજ્યની નીતિઓ જેના પર આધારિત છે તે મૂળભૂત સિદ્ધાંતોને સ્પષ્ટ કરવાનું હોવું જોઈએ.

જો કે, એકવાર કોઈ વસ્તુ છપાઈ જાય છે તો લોકો તેને નિર્વિવાદ સત્ય માની લેતા હોય છે. સંવિધાનની આ કલમ માટે પણ આવું જ બન્યું છે. તેથી જ, સમાન નાગરિક સંહિતાને શાસક પક્ષ દ્વારા અસ્તિત્વમાં લાવી તેનો સમગ્ર દેશમાં અમલ કરવામાં આવે તેવી માંગણીઓ આપણને સાંભળવા મળે છે.

# ૨ - નેહરૂ રિપોર્ટ

સમગ્ર દેશ માટે સમાન નાગરિક સંહિતાના વિચારનો એક લાંબો ઈતિહાસ છે. તેની પ્રથમ નોંધપાત્ર અભિવ્યક્તિ ૧૯૨૮ ના નેહરૂ રિપોર્ટમાં હતી. હકીકતમાં આ રિપોર્ટ, સ્વતંત્ર ભારતના સંવિધાનનો ડ્રાફ્ટ હતો જે પ્રખ્યાત કાનૂન નિષ્ણાત મોતીલાલ નેહરૂ દ્વારા પહેલાંથી જ બનાવવામાં આવ્યો હતો. તેમાં એક પ્રસ્તાવ હતો કે, સ્વતંત્ર ભારતમાં લગ્નથી સંબંધિત તમામ બાબતોને દેશના સમાન કાયદા હેઠળ આવરી લેવામાં આવે. તે સમયના ઉલમાઓએ તેનો સખત વિરોધ કર્યો. અંગ્રેજ સરકારે પણ આ રિપોર્ટને સ્વીકારવાની ના પાડી કારણ કે તેમાં ભારત માટે આધિપત્યનો દરજ્જો પ્રસ્તાવિત કર્યો હતો, જે અંગ્રોજો માટે અસ્વિકાર્ય હતો.

૧૯૩૯ માં લાહોર ખાતે કોંગ્રેસ દ્વારા આ મુદ્દા પર વિચાર કરવા માટે એક સભા બોલાવવામાં આવી. નેહરૂ રિપોર્ટના વ્યવહારૂ પાસાઓ પર ચર્ચા થઈ પરંતુ તેને અવ્યવહારૂતાના આધારે નકારી કાઢવામાં આવ્યો.

# 3 - સુપ્રીમ કોર્ટનો ચુકાદો

૧૯૮૫ થી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો દ્વારા તેમના ચુકાદાઓમાં સમાન નાગરિક સંહિતાના મુદ્દાનો ઉલ્લેખ કરવાનું શરૂ કરવા સાથે આ મુદ્દાએ એક નવું પરિમાણ ધારણ કર્યું.

૧૯૮૫ માં ભારતની સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી વાય.વી.ચંદ્રચૂડ દ્વારા અપાયેલા એક ચુકાદા બાદ કોર્ટની સંડોવણી શરૂ થઈ. તેમના પ્રખ્યાત, મુહમ્મદ અહમદ - શાહ બાનુ ના કેસમાં આપેલા ચુકાદામાં ન્યાયાધીશ ચંદ્રચૂડે ટિપ્પણી કરવાની જરૂરિયાત અનુભવી કે બંધારણની કલમ ૪૪ હેઠળ કાયદો ઘડવો એ સમયની માંગ છે, કારણ કે તેઓ માનતા હતાં કે સમાન નાગરિક સંહિતા રાષ્ટ્રીય એકીકરણમાં સહાયરૂપ થશે.

આ વાતને અનુસરતાં ૧૯૮૫ માં એક આવા જ કેસમાં સુપ્રીમ કોર્ટના બીજા એક ન્યાયાધીશ શ્રી ચિનપ્પા રેડ્ડી એ

જણાવ્યું કે : "હાલનો કેસ વધુ એક કેસ છે જે, સમાન નાગરિક સંહિતાની તાત્કાલિક અને ફરજિયાત જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરે છે."

મે ૧૯૯૫ માં સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેન્ચના બે સભ્યો - ન્યાયાધીશ કુલદિપ સિંઘ અને ન્યાયાધીશ આર.એમ.સહાય દ્વારા આ જ મુદ્દાને વધુ વિગતવાર અને અત્યંત ભારપૂર્વક રજૂ કરવામાં આવ્યો. તેમણે ચુકાદામાં જણાવ્યું કે : " એકસમાન વ્યક્તિગત કાયદો દાખલ કરવો એ રાષ્ટ્રીય એકત્રીકરણ તરફનું એક નિર્ણાયક પગલું છે… દેશમાં એકસમાન વ્યક્તિગત કાયદાની રજૂઆતમાં અનિશ્ચિત સમય માટે વિલંબ કરવો કોઈપણ રીતે વાજબી નથી." (પૃ.૨૨)

# ૪ - બંધારણની કલમ ૪૪

ઉપર જણાવેલી તમામ બાબતો બંધારણની કલમ ૪૪ ના સંદર્ભમાં છે. આ કલમ રાજ્યની નીતિ માટેના નિર્દેશક સિદ્ધાંતો હેઠળ બંધારણના ચોથા ભાગમાં આવે છે. કલમ

૩૭ માં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે બંધારણના તે ભાગમાંની કલમો કાયદાની કોઈપણ અદાલત દ્વારા લાગુ કરી શકાતી નથી. તે સંપૂર્ણપણે સરકાર અને રાજ્ય સાથે સંબંધિત છે. આવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો દ્વારા કલમ ૪૪ સાથે છેડછાડ અયોગ્ય છે.

અને તેથી જનતા દળે આ ચુકાદાની નિંદા કરી છે : “આ સંસદના અધિકારક્ષેત્ર પર ન્યાયિક અતિક્રમણ છે.” ( ધ પાયોનિયર, મે ૧૫, ૧૯૯૫)

ઉપરોક્ત પૃષ્ઠભૂમિની સામે હિન્દુસ્તાન ટાઈમ્સે ૧૨ મે, ૧૯૯૫ના રોજ આ ચુકાદા પર નીચે મુજબની સંપાદકીય ટિપ્પણી કરી હતી : "ભારતની સર્વોચ્ચ અદાલતે તાજેતરના વર્ષોમાં એવા ભૂપ્રદેશમાં ધસી જવાની તલપ દર્શાવી છે કે જ્યાં જતાં દેવદૂતો પણ ડરે છે."

બંધારણના પોતાના મુજબ સમાન નાગરિક સંહિતા લાગુ કરવી એ સરકારનો વિશેષાધિકાર છે. ૧૯૫૬માં ભારતના તત્કાલિન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ સરકારની સ્થિતિ સ્પષ્ટ કરી હતી જ્યારે તેમણે કહ્યું હતું કે, "મને નથી

લાગતું કે વર્તમાન ક્ષણે ભારતમાં મારા માટે તેને આગળ ધપાવવા માટેના પ્રયાસનો સમય પાકી ગયો છે."

શ્રીમતી ઈન્દીરા ગાંધીએ પોતાના સમયમાં આજ વિચારો વ્યક્ત કર્યાં હતાં અને હવે વર્તમાન વડાપ્રધાન શ્રી નરસિમ્હા રાવ પણ એમ જ કરી રહ્યાં છે. ( ધ હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, જુલાઈ ૨૮, ૧૯૯૫). આ કેટલું વિચિત્ર છે કે જેમને સમાન નાગરિક સંહિતા અમલમાં મૂકવાની સત્તા આપવામાં આવી છે તેઓ આમ કરવામાં સહેજ પણ રસ ધરાવતા નથી, જ્યારે જેમની પાસે કોઈ સત્તા નથી તેઓ જોરશોરથી તેના કાયદાની માંગ કરી રહ્યાં છે. ખરેખર તો આ શબ્દોની કસરત, સમયના બગાડ સિવાય બીજું કંઈ નથી.

# ૫ - ધાર્મિક સ્વતંત્રતા

## એક અફર અધિકાર

જેઓ બંધારણની કલમ ૪૪ નો ઉલ્લેખ કરીને સમાન નાગરિક સંહિતાની હિમાયત કરે છે તેમણે કદાચ એ હકીકત પર કોઈ વિચાર કર્યો નથી કે તે જ સમાન બંધારણમાં, કલમ ૪૪ નો વિરોધ કરવા માટે કલમ ૨૫ અસ્તિત્વમાં છે. કલમ ૨૫ મુજબ, "તમામ વ્યક્તિઓ અંતરાત્માની સ્વતંત્રતા અને મુક્તપણે ધર્મનો ઉપદેશ, આચરણ અને પ્રચાર કરવાના અધિકારના સમાન રીતે હકદાર છે."

ધર્મની પસંદગી અને તેનું કયા સ્વરૂપમાં પાલન કરવું, તે વ્યક્તિ અથવા સંબંધિત જૂથના ફરજિયાત નિયમો પર આધારિત છે. અને એટલા માટે જ કલમ ૨૫ ના નંબર ૧ માં સ્પષ્ટપણે ખુલાસો કરવામાં આવ્યો છે કે : ‘કિરપાણ પહેરવું અને વહન કરવું એ શીખ ધર્મની માન્યતામાં સામેલ માનવામાં આવશે.’

'સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો' શીર્ષક હેઠળ બંધારણમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે: “ભારતના પ્રદેશમાં અથવા તેના કોઈપણ ભાગમાં વસતા નાગરિકોના કોઈપણ વિભાગને તેની પોતાની એક અલગ ભાષા, લિપિ

અથવા સંસ્કૃતિ હોય તો તેનું સંરક્ષણ કરવાનો તેમને અધિકાર છે.” (કલમ ૨૯).
વધુમાં, ધાર્મિક સ્વતંત્રતા પ્રદાન કરતી કલમ ૨૫, બંધારણના તે ભાગમાં આવે છે જે ભાગમાં નાગરિકોના મૂળભૂત અધિકારો વિશે લખવામાં આવ્યું છે, જ્યારે કલમ ૪૪ નિર્દેશક સિદ્ધાંતો હેઠળ આવે છે. અને, બંધારણની કલમ ૩૭ મુજબ, નિર્દેશક સિદ્ધાંતો હેઠળની કલમો મૂળભૂત અધિકારોની કલમ પર આધારિત છે.

આવા સંજોગોમાં, એક સમાન નાગરિક સંહિતાના અમલ અંગે સરકાર કાયદો બનાવે તેવી માંગને સમર્થન આપવા માટે કલમ ૪૪ નો ઉલ્લેખ કરવો એ બંધારણની ભાવનાની વિરુદ્ધ છે. જ્યાં સુધી દેશમાં કોઈપણ જૂથ અસ્તિત્વમાં છે જે આવા કાયદાને તેના ધર્મમાં ગેરવાજબી હસ્તક્ષેપ ગણે છે, ત્યાં સુધી આવો કાયદો બનાવવો બંધારણીય રીતે શક્ય નથી. જો કોઈપણ સંસદ આવો કાયદો ઘડતી હોય અને દેશના કોઈપણ ધાર્મિક જૂથે તેની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હોય, તો બંધારણના રક્ષક તરીકે અદાલતે ચોક્કસપણે તેને રદ કરવો પડશે.

બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતા સંબંધિત કલમ કોઈ સામાન્ય બાબત નથી, જે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૧૯૪૮માં જારી કરાયેલ માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાનું પાલન કરીને બનાવવામાં આવી છે, જેમાં ભારત પણ એક સભ્ય છે. આ ઘોષણાની કલમ ૧૪ બાંહેધરી આપે છે કે દરેક વ્યક્તિ ધાર્મિક સ્વતંત્રતાનો આનંદ માણશે, જેમાં તેને ધર્મ બદલવાની અને તેની પસંદગીના ધર્મને અનુસરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. આ ઘોષણા પર હસ્તાક્ષર કરતી વખતે ભારતે, એક રાષ્ટ્ર તરીકે, તેના પર પોતાની મંજૂરીની મહોર લગાવી દીધી છે. તેથી, ધાર્મિક સ્વતંત્રતા દરેક ભારતીય નાગરિકનો અધિકાર બની જાય છે, એવો અધિકાર જેને કોઈ પણ સંજોગોમાં રદ કરી કે છીનવી શકાતો નથી.

# ૬ - ધાર્મિક અને વ્યક્તિગત કાયદો

સુપ્રીમ કોર્ટની ઉપરોક્ત બે સભ્યોની બેન્ચે તેના ૩૧ પાનાના ચુકાદામાં (મે, ૧૯૯૫) એમ કહીને આવા કાયદાનું સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો હતો કે કલમ ૪૪ એ ખ્યાલ પર

આધારિત છે કે ધર્મ અને વ્યક્તિગત કાયદા વચ્ચે સંસ્કારી સમાજમાં કોઈ સંબંધ નથી. કલમ ૨૫, ધાર્મિક સ્વતંત્રતાની બાંયધરી આપે છે અને કલમ ૪૪, ધર્મને સામાજિક સંબંધો અને વ્યક્તિગત કાયદાથી અલગ રાખે છે.
આ તદ્દન પાયાવિહોણું છે. તમામ ધર્મોના વિદ્વાનોની સર્વસંમતિ અનુસાર, ધર્મ ત્રણ બાબતો સાથે સકારાત્મક રીતે સંબંધિત છે: શ્રદ્ધા, પૂજા, નૈતિક મૂલ્યો. જ્યાં સુધી નૈતિક મૂલ્યોનો સંબંધ છે, પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેના જાતીય સંબંધોને કેવા સ્વરૂપે લેવા જોઈએ તે નિઃશંકપણે સૂચિમાં ટોચ પર છે. લગ્ન ચોક્કસપણે એક નૈતિક મુદ્દો છે. તેથી જ તે અનિવાર્યપણે ધર્મનું અભિન્ન અંગ છે.

ધર્મ અને અંગત કાયદા વચ્ચેનો આ સંબંધ એટલો સ્પષ્ટ છે કે તે જ ચુકાદામાં ડિવિઝન બેન્ચે તેને સ્વીકારવાની ફરજ પડી હતી. પોતાના અલગ ચુકાદામાં ન્યાયાધિશ આર.એન. સહાય જણાવે છે:

‘લગ્ન, વારસો, છૂટાછેડા અને ધર્માંતરણનું સ્વરૂપ અને તેમાં સમાવિષ્ટ દરેક બાબતો, એ આસ્થા અથવા વિશ્વાસની અન્ય બાબતો જેટલા જ ધાર્મિક છે. સાત વાર

અગ્નિ પ્રદક્ષિણા કરવી અથવા કાઝી સમક્ષ સંમતિ આપવી એ પૂજા જેટલી જ શ્રદ્ધા અને અંતરાત્માની બાબતો છે.'

એ હકીકત છે કે કોઈ દલીલ એટલી મજબૂત નથી જે લગ્નના મુદ્દાને ધર્મથી અલગ કરી શકે. અને જ્યારે લગ્ન અને છૂટાછેડા એ ધર્મની બાબતો છે, ત્યારે બંધારણના અનુચ્છેદ ૨૫ મુજબ, સંસદ કે અન્ય કોઈ સંસ્થાને કોઈપણ જૂથ પાસેથી તેની મરજી વિરુદ્ધ આ સ્થાપિત અધિકાર છીનવી લેવાનો અધિકાર નથી. આ કલમ મુજબ આ પ્રકારનો કાયદો ઘડવો એ ધાર્મિક બાબતોમાં દખલ સમાન ગણાશે.

# ૭ - સમાન સંહિતા અને રાષ્ટ્રીય એકતા

સમાન સંહિતાનું લક્ષ્ય શું છે? કોઈ સમજદાર વ્યક્તિ એમ નહીં કહે કે સમાન સંહિતાને ખાતર જ સમાન સંહિતા લાગુ કરવી જોઈએ. તો પછી તેની પાછળનો વાસ્તવિક હેતુ શું છે? તેના તમામ હિમાયતીઓ દાવો કરે છે કે તે એકતાની લાભદાયી ભાવના પેદા કરશે, જે બદલામાં, રાષ્ટ્રીયતાની ભાવના જગાડવા માટે અનુકૂળ રહેશે. એટલે કે, એક સમાન સંહિતા  વિવિધ સમુદાયોમાં એક સમાન લાગણીઓ પેદા કરશે. આ રીતે, તે મજબૂત રાષ્ટ્ર જેના માટે આપણે છેલ્લા પચાસ વર્ષથી રાહ જોઈ રહ્યા છીએ તે અસ્તિત્વમાં આવશે.

ફક્ત એટલા માટે જ કે ‘સમાન સંહિતા’ અને ‘સમાન લાગણીઓ’ વચ્ચે ‘સમાન’ શબ્દ સામાન્ય છે, તેને ખૂબ જ હળવી રીતે લેવામાં આવે છે જાણે તે આકસ્મિક રીતે નહીં તો ઘનિષ્ઠ રીતે જોડાયેલ છે. પરંતુ તમામ સંબંધિત તથ્યો આ દૃષ્ટિકોણને નકારવા માટે દબાણ કરે છે. સાવ સરળ રીતે જુઓ તો, સમાન સંહિતા અને સમાન લાગણીઓ વચ્ચે કોઈ સંબંધ નથી.

# ૮ - ન્યાયાધીશ કુલદીપ સિંહનો ચુકાદો

સરકારે હિંદુ લગ્ન અધિનિયમ- ૧૯૫૫, હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ -૧૯૫૬, હિંદુ લઘુમતી અને વાલીપણું અધિનિયમ- ૧૯૫૬ અને હિંદુ દત્તક અને જાળવણી અધિનિયમ -૧૯૫૬ ના રૂપમાં હિંદુ કાયદાનું સંહિતાકરણ કર્યું છે જેણે વિવિધ વિચારધારાઓ અને શાસ્ત્રીય કાયદાઓ પર આધારિત પરંપરાગત હિન્દુ કાયદાને એક એકીકૃત સંહિતામાં બદલ્યો છે. જ્યારે ૮૦% થી વધુ નાગરિકો પહેલાંથી જ આ કોડીફાઈડ પર્સનલ લો હેઠળ લાવવામાં આવ્યા છે, ત્યારે હવે ભારતના પ્રદેશમાં તમામ નાગરિકો માટે "સમાન નાગરિક સંહિતા" ની રજૂઆતને સ્થગિત રાખવાનું કોઈ પણ કારણ નથી. (પૃ.૨)

તેઓ આગળ લખે છે :

ભારતના બંધારણની કલમ ૪૪ હેઠળ બંધારણના ઘડવૈયાઓના આદેશનો અમલ કરવામાં આજની સરકારને કેટલો સમય લાગશે તેની ખબર નથી. હિંદુઓના હિંદુઓ-શાસિત વારસા, ઉત્તરાધિકાર અને લગ્નના પરંપરાગત હિંદુ વ્યક્તિગત કાયદાઓને ૧૯૫૫-૫૬માં કોડિફાઈડ કરી તેમને વિલીન કરવામાં આવ્યા. દેશમાં એક સમાન વ્યક્તિગત કાયદાની  રજૂઆતમાં અનિશ્ચિત સમય માટે વિલંબ કરવો કોઈપણ રીતે વાજબી નથી.... હિંદુઓના અંગત કાયદાઓ, જેમ કે લગ્ન, ઉત્તરાધિકાર અને તેના જેવા તમામ કાયદાઓ તેના મૂળમાં જે સંસ્કાર ધરાવે છે, તે જ મુસ્લિમો અથવા ખ્રિસ્તીઓના કાયદાઓમાં પણ છે. શીખો, બૌદ્ધો અને જૈનોની સાથે હિન્દુઓએ રાષ્ટ્રીય એકતા અને એકીકરણના હેતુમાં તેમની લાગણીઓને છોડી દીધી છે, પરંતુ કેટલાક અન્ય સમુદાયો આમ કરવા તૈયાર નથી, જોકે બંધારણમાં સમગ્ર ભારત માટે. ‘સમાન નાગરિક સંહિતા'ની સ્થાપના કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. (પૃ. ૨૧-૨૨)

જસ્ટિસ કુલદિપ સિંઘના જણાવ્યા મુજબ, જે અમને તેમના ચુકાદામાંથી જાણવા મળ્યું કે, દેશની મોટી બહુમતી (૮0% થી વધુ) પહેલાંથી જ, વ્યવહારિક રીતે, સામાન્ય કુટુંબ/ નાગરિક સંહિતા હેઠળ લાવવામાં આવી છે. ૮0% વસ્તી પર પહેલાંથી જ લાગુ કરાયેલ કુટુંબ સંહિતાના વિસ્તરણ તરીકે હવે, વધુ સંપૂર્ણ સમાન વ્યક્તિગત કાયદાની ચુસ્તપણે હિમાયત કરવામાં આવી રહી છે. પરંતુ જ્યારે વસ્તીની આટલી મોટી બહુમતી વાસ્તવિકતામાં પહેલેથી જ ઇચ્છિત કાયદા હેઠળ આવી ગઈ હોય, તે પૂછવું ઉચિત છે કે સમાન નાગરિક સંહિતા સાથે જોડાયેલા સકારાત્મક પરિણામો ક્યાં છે?

આપણને આપણી આસપાસ તમામ સ્તરે રાષ્ટ્રીય અખંડિતતાની ગેરહાજરી જોવા મળે છે. રાષ્ટ્રીય પાત્ર ક્યાંય અસ્તિત્વમાં જ નથી. વિધાનસભા અને સંસદમાં સત્રો દરમિયાન એવા તોફાની દ્રશ્યો જોવા મળે છે કે કાર્યવાહી ચાલુ રાખવી લગભગ અશક્ય બની જાય છે. ગ્રામ પંચાયતો પહેલાં કરતા વધુ વિવાદી બની છે. અદાલતો આ વિવાદોના કેસોથી ભરેલી છે. બીજા

સમુદાયોના લોકો કરતાં એક જ સમુદાયના વિવિધ વર્ગો ઘણી વાર એકબીજા સાથે સંઘર્ષમાં હોય છે. તમામ રાજકીય પક્ષોનો નાગરિક કાયદો સમાન હોવા છતાં, પ્રાદેશિક વિવાદો એટલો વ્યાપક બની ગયા છે કે કેટલાક રાજ્યોમાં અલગતાવાદની હિંસક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. લોકો એક બીજા સાથે એટલા મોટા પાયે લડી રહ્યાં છે કે દેશની સ્થિરતા ગંભીર રીતે જોખમમાં મુકાઈ ગઈ છે.

તેથી, આપણને જાણવા મળે છે કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોના નિષ્કર્ષ મુજબ, વાસ્તવિક સમસ્યા સમાન નાગરિક સંહિતાના અમલની નથી; સમસ્યા એ છે કે આવા અમલીકરણથી કોઈ સકારાત્મક પરિણામો નથી મળી રહ્યાં. આવા સંજોગોમાં આપણે જે કરવું જોઈએ તે એ છે કે આપણે પહેલાથી જ નિષ્ફળ ગયેલી વ્યૂહરચના પર નિરર્થક રીતે સમય વેડફવાને બદલે અન્ય પગલાં લેવા જોઈએ.

# ૯ - સમાજમાં તિરાડ

## અંગ્રેજોનો વારસો

આજે જે "સામાન્ય લાગણી" વિશે વાત કરવામાં આવે છે તે આપણા દેશમાં સદીઓથી અસ્તિત્વમાં છે. તે સમયમાં સામાન્ય નાગરિક સંહિતા જેવું કંઈ નહોતું છતાં, દેશમાં વિવિધ સમુદાયો હળીમળીને સાથે રહેતા હતાં. દરેક સમુદાયની પોતાની સાંસ્કૃતિક ઓળખ હતી અને તેની પોતાની ધાર્મિક પરંપરાઓ અનુસાર લગ્નના કાયદાઓ હતાં. ત્યારે પણ, જેને રાષ્ટ્રીય એકીકરણ તરીકે ઓળખવામાં આવે છે તે શબ્દના સંપૂર્ણ અર્થમાં અસ્તિત્વમાં હતું.

ભારતીય સમાજના આ સંતુલનમાં, સમાન સંહિતાની ગેરહાજરીથી નહીં પરંતુ ભૂતપૂર્વ બ્રિટિશ સરકારની નીતિથી ખલેલ પહોંચ્યું હતું. ભૂતપૂર્વ લેફ્ટનન્ટ જનરલ કોકે આને સૂત્ર તરીકે વ્યક્ત કર્યું: ભાગલા પાડો અને રાજ કરો.

આ અનિચ્છનીય સ્થિતિનો ઉદ્ભવ ૧૮૬૨-૬૩માં ભારતના વાઇસરોય લોર્ડ જેમ્સ બ્રુસ એલ્ગીનના પ્રારંભિક સમયગાળા દરમિયાન થયો હતો. બ્રિટિશ સરકારના સેક્રેટરી ઓફ સ્ટેટ મિસ્ટર વુડે લંડનથી દિલ્હીમાં વાઈસરોયને એક પત્ર લખ્યો:

‘અમે એક બીજાની સામે રમત રમાડીને ભારતમાં અમારી શક્તિ જાળવી રાખી છે અને આપે પણ તેમ કરવાનું ચાલુ રાખવું જોઈએ. તેથી, લોકોમાં સમાનતાની લાગણી ન ફેલાય તે માટે આપનાથી થઈ શકે એ બધું કરો.’

બ્રિટિશ શાસકોની આ એક પ્રભાવક નીતિ હતી જેના કારણે ભારતમાં પહેલેથી અસ્તિત્વમાં રહેલી સમાન રાષ્ટ્રીયતાનું વિઘટન થયું. દરેક પ્રસંગનો દૂરઉપયોગ કરીને તેઓ લોકો વચ્ચે નફરત જગાવતા. સરકારના તમામ સંસાધનોનો ઉપયોગ કરીને, તેઓએ પરસ્પર નફરતનું કૃત્રિમ જંગલ ઉગાડ્યું. કમનસીબે, આઝાદી પછી પણ આ આગને ઓલવવી અશક્ય સાબિત થઈ છે, અને આજે પણ તેમાંથી ધુમાડા નિકળી રહ્યાં છે. સમાનતાની લાગણીની ગેરહાજરીનું આ વાસ્તવિક કારણ છે. તેને

સમાન નાગરિક સંહિતાની હાજરી કે ગેરહાજરી સાથે કોઈ લેવાદેવા નથી.

# ૧૦ - સમાન સંહિતા

## એકરૂપતા લાવવા અનુપયુક્ત

સમાન નાગરિક સંહિતા કોઈપણ રીતે એકરૂપતા અથવા રાષ્ટ્રીય એકતા સાથે સંબંધિત નથી. સમાન નાગરિક સંહિતાનું પાલન કરનારાઓ પણ નિયમિતપણે એકબીજા સાથે લડતા રહ્યાં છે. દાખલા તરીકે, પ્રાચીન ભારતમાં કૌરવો અને પાંડવો, બે સંબંધિત પરિવારો, સમાન નાગરિક સંહિતા હોવા છતાં એકબીજા સામે મોટા પાયે ‘મહાભારત’ નામે જાણીતું યુદ્ધ કર્યું હતું. હવે, ભારતીય જનતા પાર્ટીએ જાહેરાત કરી છે કે, આગામી ચૂંટણીમાં દિલ્હીમાં સત્તા કબજે કરવા માટે, તે 'કિલર ઇન્સ્ટિંક્ટ' (ખૂની વૃત્તિ) સાથે મહાભારત જેવી જ તીવ્રતાનું ઉગ્ર અભિયાન શરૂ કરશે (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ૨૪ જુલાઈ, ૧૯૯૫ ). બંને રાજકીય મોટા માથાઓ સામસામે છે, ફરીથી, બન્ને પક્ષ સમાન નાગરિક સંહિતા વહેંચે છે.

પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૮)માં એક તરફ જર્મની તથા ઇટાલી અને બીજી તરફ બ્રિટન અને ફ્રાન્સ હતાં. બંને જૂથોએ લોહિયાળ અને વિનાશક યુદ્ધ કર્યું જેમાં 30 કરોડ લોકો ક્યાં તો માર્યા ગયા અથવા ઘાયલ થયાં. જો કે આ બંને પક્ષો એક જ ધર્મ એટલે કે ખ્રિસ્તી ધર્મના હતા તેમજ બંને પક્ષો સમાન નાગરિક સંહિતાનું પાલન કરતા હતાં, છતાં પણ  આ કાનૂની એકરૂપતા એકબીજા વચ્ચે યુદ્ધ રોકવા માટે આવરોધક બની શકી ન હતી.

ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીની ૧૯૮૪માં હત્યા કરવામાં આવી હતી, અને હત્યારા તથા જેની હત્યા થઈ એ બંનેવી નાગરિક સંહિતા એકસમાન હતી. પંજાબમાં, સમાન નાગરિક સંહિતાને અનુસરતા બે સમુદાયો વચ્ચે લોહિયાળ યુદ્ધ ચાલી રહ્યું છે. દરરોજ અખબારો, સમાન નાગરિક સંહિતા ધરાવતા પતિ-પત્ની વચ્ચે ક્રૂરતા અને જુલમના સમાચાર લાવે છે. હજારો ભારતીયો સમાન નાગરિક સંહિતાનું પાલન કરતાં હોવા છતાં અદાલતોમાં એક બીજા સામે કાનૂની લડાઈ લડી રહ્યા છે.

સત્ય એ છે કે લોકો વચ્ચે સુમેળ અને એકતા લાવવા માટે સમાન નાગરિક સંહિતાની બિનઉપયોગીતા પહેલાંથી જ સ્થાપિત થઈ ગઈ છે. તેને ફરી એકવાર પરીક્ષણમાં મૂકવાની જરૂર નથી.

# ૧૧ - બૌદ્ધિકોની પ્રતિક્રિયા

જ્યારે સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેંચનો ચુકાદો (૧૦મી મે, ૧૯૯૫) અખબારોમાં પ્રકાશિત થયો, ત્યારે દેશવાસીઓ અને બૌદ્ધિકોએ ભારે પ્રતિક્રિયા આપી. એક જૂથે તેને દેશની વર્તમાન સામાજિક સમસ્યાઓનો અંતિમ ઉકેલ ગણાવ્યો અને તેનું સ્વાગત કર્યું. જો કે, એવી નોંધપાત્ર સંખ્યા પણ હતી જેઓ સહમત ન હતી અને એક અથવા બીજી રીતે તેને નકારી કાઢતા હતી. અહીં તેમના કેટલાક અનુચ્છેદોની સૂચિ છે:

1. Politics of Uniform Civil Code by Partha S. Ghosh The Hindustan Times, New Delhi, May 22, 1995

2. Living with Religion by Kuldip Nayyar The Statesman, New Delhi, May 31, 1995
3. Uniform Civil Code: Judiciary Oversteps its Brief by H.M.Seervai, The Times of India, New Delhi, July 5, 1995
4. Personal Laws: Uniformity not Essential by Balraj Puri, Indian Express, New Delhi, July 6, 1995
5. Civil Code: The Constitutional Perspective by K.C. Markandan, The Hindustan Times, New Delhi, June 19, 1995.

ઉદાહરણ તરીકે, શ્રી બલરાજ પુરીના લેખમાંથી નીચે આપેલ અંશો છે. સમાન નાગરિક સંહિતાના ખ્યાલને સંપૂર્ણપણે નકારી કાઢતા, તેઓ લખે છે:

રાષ્ટ્રીય એકતાની વિભાવના અને તેના સમર્થનમાં માનનીય ન્યાયાધીશોની દલીલો સામે મારો વાંધો વધુ આધારભૂત છે. મારા મતે, વ્યક્તિગત કાયદામાં સુધારાના વિષયને લઈને તેઓ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયાને, ભારતીય રાષ્ટ્રના બહુલવાદી લક્ષણો અને મુસ્લિમ સમુદાયની અંદર તથા તેની અને અન્ય સમુદાયો, મુખ્યત્વે હિન્દુઓ વચ્ચેના

સંવાદને પ્રતિકૂળ અસર કરે છે. મુસ્લિમ વ્યક્તિગત કાયદાને એક સમાન કાયદાનો ભાગ બનાવ્યા વિના સુધારી શકાતો નથી તેવી પૂર્વધારણા આપીને, ન્યાયાધીશોએ મુસ્લિમ મહિલાઓના હેતુને મુસ્લિમ માટે ઓળખની અરજને ગૌણ બનાવી દીધી છે અને આ રીતે એક સારા હેતુ સાથે ગંભીર અન્યાય કર્યો છે.

એકરૂપતા અને સુધારા વચ્ચે કોઈ તાર્કિક જોડાણ નથી. પૂર્વોક્ત સામેનો કેસ એટલો જ અગમ્ય છે જેટલો તે પછીના માટે છે. ન્યાયાધીશોની દલીલ મુજબ, રાષ્ટ્રીય એકતા અને એકતાના પ્રચાર માટે સમાન કાયદો અનિવાર્ય નથી. રાજ્ય સૂચિમાં ૬૬ અને બંધારણની સમવર્તી સૂચિમાં ૪૭ નોંધણીઓ છે જેના પર રાજ્યોને એકરૂપતાને અનુરૂપ કોઈપણ બંધન વિના કાયદા બનાવવા માટે સત્તા આપવામાં આવી છે. જો રાજ્યોની શુષ્ક ભૌગોલિક સાંસ્કૃતિક વિવિધતાઓ પર આધારિત કાયદાઓની વિવિધતાએ દેશની એકતા માટે જોખમ ઊભું કર્યું હોય, તો શું જો વિવિધતાઓ ધાર્મિક સમુદાયોની જેમ બિન-પ્રાદેશિક સ્વરૂપની હોય તો જ જોખમમાં મૂકાશે?

જસ્ટિસ કુલદિપ સિંહે જાહેર કર્યું છે કે કોઈ પણ સમુદાય ધર્મના આધારે અલગ અસ્તિત્વનો દાવો કરી શકે નહીં. શું આપણે ભાષાઓના આધારે અલગ સંસ્થાઓ સ્વીકારી નથી અને ભાષાકીય આધાર પર દેશનું પુનર્ગઠન નથી કર્યું? શું મંડલ સિદ્ધાંતમાં જાતિ આધારિત ઓળખને માન્યતા આપવામાં આવી નથી અને તમામ ઓળખ, સાંસ્કૃતિક, આદિવાસી, જાતિ અને ધાર્મિક રાજકીય કાયદેસરતા પ્રાપ્ત નથી કરી? શા માટે માનનીય ન્યાયાધીશ એક અલગ ઓળખ માટે ધાર્મિક સમુદાયના દાવાને અલગ પાડે છે? આ તર્ક, સામાજિક અને રાજકીય રીતે સ્વીકૃત વાસ્તવિકતાનો વિરોધ કરે છે. શું આ ઓળખ માત્ર ન્યાયાધીશની ઘોષણાથી ખોવાઈ શકે છે?

# ૧૨ - સમાન નાગરિક કાયદા વિશે ગુરૂ ગોલવલકર

૨૦મી ઓગસ્ટ, ૧૯૭૨ના રોજ, આર.એસ.એસ. સરસંઘચાલક, શ્રી ગુરુજીએ દિલ્હીમાં દીનદયાલ સંશોધન

સંસ્થાનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું કે રાષ્ટ્રીય એકતા માટે સમાન નાગરિક સંહિતા જરૂરી નથી. નવી દિલ્હીની માતૃભૂમિએ ૨૧ ઓગસ્ટ, ૧૯૭૦ના રોજ નીચે મુજબનો અહેવાલ આપ્યો:

નવી દિલ્હી, ૨૦મી ઓગસ્ટ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી એમ.એસ. ગોલવલકરે આજે અહીં જણાવ્યું હતું કે વર્તમાન સમયના ભારતીય રાજકારણીઓમાં ભારતીય સમાજની સમસ્યાઓ અંગે મૌલિક વિચારસરણીનો અભાવ છે.

શ્રી ગુરુજી, દીનદયાલ સંશોધન સંસ્થાનના ઉદ્ઘાટન અને સંસ્થા દ્વારા શ્રી અરબિંદો શતાબ્દીની ઉજવણી પ્રસંગે બોલી રહ્યા હતા. ગાંધી પીસ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર.આર. દિવાકરે અધ્યક્ષતા કરી હતી. રાણી ઝાંસી રોડ, ઝંડેવાલન પર, ઇન્સ્ટિટ્યૂટ બિલ્ડિંગની સામે યોજાયેલા કાર્યક્રમમાં ભદ્ર પ્રેક્ષકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

રાજકારણીઓ દ્વારા વિચાર્યા વિના સમસ્યાઓ ઉકેલવાના પ્રયાસોનું ઉદાહરણ આપતા, તેમણે દેશમાં બધા માટે સમાન નાગરિક સંહિતાના પ્રશ્નનો ઉલ્લેખ કર્યો, અને કહ્યું કે આવી એકરૂપતા બિલકુલ જરૂરી નથી; ભારતીય સંસ્કૃતિએ એકતામાં વિવિધતાને મંજૂરી આપી છે. 'મહત્વની વાત એ છે કે તમામ નાગરિકો, હિંદુ અને બિન-હિંદુઓમાં તીવ્ર દેશભક્તિ અને ભાઈચારાની ભાવના જગાડવી અને તેઓને તેમના પોતાના ધર્મ પ્રમાણે આ માતૃભૂમિને પ્રેમ કરવા દેવો.'

આયોજક સાથેની એક વિશેષ મુલાકાતમાં, શ્રી ગુરુજીએ ઉપરોક્ત મતનો પુનરોચ્ચાર કર્યો. ૨૬મી ઓગસ્ટ, ૧૯૭૨ના રોજ પ્રકાશિત થયેલ વાતચીતનો સાર આ રહ્યો:

**પ્ર:** તમને નથી લાગતું કે રાષ્ટ્રવાદની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે સમાન નાગરિક સંહિતા જરૂરી છે?
**જ:** મને નથી લાગતું. આ તમને અથવા અન્ય ઘણા લોકોને આશ્ચર્યચકિત કરી શકે છે. પણ આ મારો અભિપ્રાય છે. હું જે જોઉં છું તે મારે સત્ય બોલવું જોઈએ.

**પ્ર:** શું તમને નથી લાગતું કે રાષ્ટ્રમાં એકરૂપતા રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપશે?
**જ:** જરૂરી નથી. ભારત હંમેશાથી અનંત વિવિધતા ધરાવે છે. અને તેમ છતાં, લાંબા સમય સુધી અમે ખૂબ જ મજબૂત અને સંગઠિત રાષ્ટ્ર હતાં. એકતા માટે એકરૂપતાની નહીં, સંવાદિતાની જરૂર છે.

**પ્ર:** પશ્ચિમમાં રાષ્ટ્રવાદનો ઉદય કાયદાના એકીકરણ અને અન્ય એકરૂપતાઓને જોડીને થયો છે.
**જ:** ભૂલશો નહીં કે યુરોપ એ ખૂબ જ યુવાન સભ્યતા ધરાવતો ખંડ છે. ગઈકાલે તે અસ્તિત્વમાં ન હતો અને તે આવતિકાલે ન પણ હોઈ શકે. મારી લાગણી છે કે પ્રકૃતિ અતિશય એકરૂપતાને ધિક્કારે છે. આ એકરૂપતા આવનારા સમયમાં પશ્ચિમી સંસ્કૃતિને શું અસર કરશે તે કહેવું બહુ વહેલું છે. અહીં અને અત્યારે સિવાય, આપણે દૂરના ભૂતકાળમાં પાછા જોવું જોઈએ અને દૂરના ભવિષ્ય તરફ પણ નજર કરવી જોઈએ. ઘણી ક્રિયાઓના લાંબા-વિલંબિત અને પરોક્ષ પરિણામો હોય છે. આ દેશમાં આપણી પાસે હજારો વર્ષોનો અનુભવ છે. આપણી પાસે

જીવન જીવવાની એક પરિક્ષિત પદ્ધતિ છે. અને અમારો અનુભવ એ છે કે વિવિધતા અને એકતા, એક સાથે જઈ શકે છે અને જઈ રહી છે.

**પ્ર:** આપણા બંધારણમાં રાજ્યની નીતિનો નિર્દેશક સિદ્ધાંત કહે છે કે રાજ્ય એક સમાન નાગરિક સંહિતા માટે પ્રયત્ન કરશે.
**જ:** તે બધુ ઠીક છે. એવું નથી કે સમાન નાગરિક સંહિતા સામે મને કોઈ વાંધો છે, પરંતુ કોઈ વસ્તુ બંધારણમાં હોવાને કારણે ઈચ્છનીય બની જતી નથી. આપણું બંધારણ એ કેટલાક વિદેશી બંધારણોથી બનેલી ખીચડી છે. ભારતીય અનુભવના પ્રકાશમાં તેની કલ્પના અને મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો નથી.

**પ્ર:** શું તમને નથી લાગતું કે મુસ્લિમો માત્ર એટલા માટે જ સમાન નાગરિક સંહિતાનો વિરોધ કરી રહ્યા છે કારણ કે તેઓ તેમની અલગ ઓળખ જાળવી રાખવા માગે છે?
**જ:** પોતાની ઓળખ જાળવવા માંગતા કોઈપણ વર્ગ, સમુદાય અથવા સંપ્રદાય સાથે મારો કોઈ ઝઘડો નથી, જ્યાં સુધી તે ઓળખ તેની દેશભક્તિની લાગણીને આડે

નહી આવે. મને લાગે છે કે કેટલાક લોકો સમાન નાગરિક સંહિતા ઇચ્છે છે કારણ કે તેઓ વિચારે છે કે ચાર પત્નીઓ સાથે લગ્ન કરવાનો અધિકાર મુસ્લિમ વસ્તીમાં અપ્રમાણસર વધારો કરી રહ્યો છે. મને ડર છે કે આ સમસ્યા પ્રત્યે નકારાત્મક અભિગમ છે.

ખરી મુશ્કેલી એ છે કે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાઈચારાની લાગણી નથી. બિનસાંપ્રદાયિકતાવાદીઓ પણ મુસ્લિમોને જુદા માને છે. અલબત્ત તેમની પદ્ધતિ તેમના જૂથના મતો માટે તેમની ખુશામત કરવાની છે. અન્ય લોકો પણ તેમને એક જુદા ગણે છે, પરંતુ તેઓ તેમની અલગ ઓળખને દૂર કરીને મુસ્લિમોને નેસ્તનાબૂદ કરવા માંગે છે. મૂળભૂત રીતે આ બંને વચ્ચે કોઈ તફાવત નથી. તેઓ બંને મુસ્લિમોને જુદા અને અસંગત તરીકે જુએ છે.

મારો અભિગમ સાવ અલગ છે. જ્યાં સુધી તેઓ આ દેશ અને તેની સંસ્કૃતિને ચાહે છે ત્યાં સુધી મુસ્લિમોની જીવનશૈલી આવકાર્ય છે. મારે કહેવું જ જોઇએ કે મુસ્લિમોને બગાડવા માટે રાજકારણીઓ જવાબદાર છે. એ કોંગ્રેસ હતી જેણે કેરળમાં મુસ્લિમ લીગને પુનર્જીવિત કર્યું

અને આ રીતે સમગ્ર દેશમાં મુસ્લિમ કોમવાદમાં વધારો કર્યો.

**પ્ર:** જો આપણે આ દલીલને પાછળ લઈ જઈએ, તો હિંદુ કાયદાનું સંહિતાકરણ પણ બિનજરૂરી અને અનિચ્છનીય ગણાશે.
**જ:** હું ચોક્કસપણે હિંદુ કાયદાના સંહિતાકરણને રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય એકીકરણ માટે સંપૂર્ણપણે બિનજરૂરી માનું છું. યુગોથી અમારી પાસે અસંખ્ય સંહિતાઓ હતી - અને અમે તેમના માટે વધુ ખરાબ નહોતા. હમણાં સુધી કેરળમાં માતૃસત્તાક પ્રથા હતી. એમાં શું ખોટું હતું? પ્રાચીન અને આધુનિક, કાયદા ઘડનારા બધાં લોકો સંમત છે કે રિવાજ કાયદાથી ઉપર છે અને હોવો જ જોઈએ.

શાસ્ત્રોમાં લખ્યાં મુજબ, ‘રિવાજો શાસ્ત્રો કરતાં વધૂ અસરકારક છે.’ અને રિવાજો એ સ્થાનિક અથવા જૂથ સંહિતા છે. તમામ સમાજો સ્થાનિક રિવાજ અથવા સંહિતાની કાયદેસરતાને માન્યતા આપે છે.

**પ્ર:** જો સમાન નાગરિક કાયદો જરૂરી નથી, તો એક સમાન ફોજદારી કાયદો શા માટે જરૂરી છે?
**જ:** બંને વચ્ચે તફાવત છે. નાગરિક કાયદો મુખ્યત્વે વ્યક્તિ અને તેના પરિવાર સાથે સંબંધ ધરાવે છે. ફોજદારી કાયદો એ કાયદો અને વ્યવસ્થા તથા હજારો અન્ય બાબતો સાથે સંબંધીત છે. તે માત્ર વ્યક્તિની જ નહીં પરંતુ સમગ્ર સમાજ સાથે હિતસંબંધ ધરાવે છે.

**પ્ર:** શું આપણી મુસ્લિમ બહેનોને પરદામાં રહેવા દેવું અને બહુપત્નીત્વને આધીન થવા દેવું ખરેખર યોગ્ય છે?
**જ:** જો મુસ્લિમ પ્રથાઓ સામે તમારો વાંધો માનવતાના આધારે હોય, તો તે વાંધો માન્ય છે. આ બાબતોમાં સુધારાવાદીનું વલણ બરાબર છે. પરંતુ મિકેનિકલ લેવલરનું વલણ યોગ્ય નહીં હોય. મુસ્લિમોને તેમના જૂના કાયદાઓ વિકસાવવા દો.

જ્યારે તેઓ એવા નિષ્કર્ષ પર પહોંચશે કે બહુપત્નીત્વ તેમના માટે સારું નથી ત્યારે મને આનંદ થશે, પરંતુ હું તેમના પર મારા દૃષ્ટિકોણનું દબાણ કરવાનું પસંદ નહીં કરું.

**પ્ર:** આ એક ઊંડો દાર્શનિક પ્રશ્ન લાગે છે.

**જ:** હા એ ઘણું ખરૂં એમ જ છે. મને લાગે છે કે એકરૂપતા એ રાષ્ટ્રોની મૃત્યુની ઘંટડી છે. કુદરત એકરૂપતાને ધિક્કારે છે. હું જીવનના વિવિધ માર્ગોના રક્ષણમાં માનું છું. જો કે, આ તમામ વિવિધતાઓ રાષ્ટ્રની એકતાની પૂરક બનવી જોઈએ, તેની પ્રતિરોધક નહીં.

(મંથન, નવી દિલ્હી, જુલાઈ ૧૯૮૬ માંથી નકલ)

# ૧૩ - પ્રકૃતિનો ક્રમ

ઝૌક દેહલવી (૧૭૩૯ - ૧૮૫૪) ઉર્દૂ ભાષાના પ્રખ્યાત કવિ છે. તેમની પંક્તિઓ છે:

**‘ગુલ-હે રંગ રંગ સે હૈ ઝિન્નત-એ-ચમન**
**આય ઝૌક ઇસ જહાં કો હૈ ઝેબ ઇખ્તિલાફ સે’**

(વિવિધ રંગો અને આકારના વિવિધ પ્રકારના ફૂલો બગીચાની સુંદરતા બનાવે છે. ઓ ઝૌક, ભિન્નતા દ્વારા આ વિશ્વને સુંદર બનાવવામાં આવ્યું છે.) આ કુદરતનો નિયમ

છે. જો તમે બગીચામાં ઉભા હોવ તો તમને દરેક છોડ, દરેક વૃક્ષ બીજા બધા કરતા અલગ જોવા મળશે. દરેક વૃક્ષના ફૂલો પોતપોતાની આગવી શૈલીમાં પોતાનો વૈભવ બતાવતા હશે. આખો બગીચો મહાન વિવિધતા ધરાવતો દેખાશે. પક્ષીઓ પણ જુદા જુદા અવાજમાં ગાતા હશે. પ્રકૃતિની દરેક વસ્તુ વિવિધતાનો અનોખો નમૂનો છે.

આ વિવિધતા બ્રહ્માંડની તમામ વસ્તુઓમાં તેમજ માનવીઓમાં પણ છે. જીવવિજ્ઞાન અને મનોવિજ્ઞાનનો અભ્યાસ આપણને બતાવે છે કે એક માનવી બીજા કરતા તદ્દન અલગ છે. માત્ર અંગૂઠાની છાપ જ નહીં પણ એક માણસના કોષો પણ બીજાના કોષોથી અલગ હોય છે. એક માણસની આંખો બીજા કોઈની સાથે મળતી નથી. આ તફાવત અને વિવિધતા ફક્ત દેખીતી સુંદરતા માટે નથી. તેની પાછળ મહાન શાણપણ છે. હકીકતમાં, તમામ માનવ પ્રગતિ આ વિવિધતા અને તફાવત સાથે સંકળાયેલી છે. આ તે છે, જે આપણને નવી શોધ કરવામાં મદદ કરે છે. આ તે પરિબળ છે, જે વિચારના સંઘર્ષમાં પરિણમે છે અને બદલામાં બૌદ્ધિક વિકાસનું નિર્માણ કરે

છે. આવા પડકારો બૌદ્ધિક જાગૃતિ માટે પ્રેરણા તરીકે કામ કરે છે.

જો સભામાં સહભાગીઓ બધા સમાન અભિપ્રાય ધરાવતા હોય, તો કોઈ નવો વિચાર ઉત્પન્ન થશે નહીં. ઔદ્યોગિક પ્રણાલીમાં, જો બધા ઈજનેરોને એક જ ઘાટમાં નાખવામાં આવે, તો તેઓ નવી તકનીકની શોધ કરી શકશે નહીં. સમાજમાં, જો બધા લેખકોની રુચિ સમાન હોય, તો કોઈ સર્જનાત્મક સાહિત્યનું નિર્માણ ન થાય. જો બધા રાજકારણીઓ એકસરખા હોય, તો તેઓ કોઈ નોંધપાત્ર રાજકીય પ્રગતિ લાવી શકે નહીં.

વિવિધતા અને તફાવત એ પ્રકૃતિનો સર્વસામાન્ય નિયમ છે, જે જીવનના તમામ ક્ષેત્રોમાં કાર્ય કરે છે. કોઈપણ માનવી પાસે તેને બદલવાની શક્તિ નથી. જો કોઈ બળ દ્વારા તેને બદલવાનો પ્રયાસ કરે તો પણ, પ્રકૃતિ પોતે તેના પર લાદવામાં આવેલી કૃત્રિમ વ્યવસ્થાને પૂર્વવત્ કરીને વિવિધતાના સિદ્ધાંતનો ફરીથી પરિચય કરાવશે.

# ૧૪ - અવ્યવહારુ

વાસ્તવમાં, સમાન નાગરિક સંહિતા એક અવ્યવહારુ સ્વપ્ન છે. જો આપણે અનુચ્છેદ ૪૪ અને ૩૭૧-A ની સરખામણી કરીએ તો બંધારણમાં જ આ દૃષ્ટિકોણને સમર્થન આપવાના પુરાવા હાજર છે.

આપણે જાણીએ છીએ તેમ, બંધારણની કલમ ૪૪ જણાવે છે કે રાજ્ય, ભારતના સમગ્ર પ્રદેશમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા સુરક્ષિત કરવાનો પ્રયાસ કરશે.
પરંતુ તે જ બંધારણમાં થયેલ સુધારો આ અપવાદ બનાવે છે: 'નાગાલેન્ડની ધાર્મિક અથવા સામાજિક પ્રથાઓ, તેમના રૂઢિગત કાયદા અને પ્રક્રિયાના સંદર્ભમાં સંસદનો કોઈ કાયદો નાગાલેન્ડ રાજ્યને લાગુ થશે નહીં સિવાય કે નાગાલેન્ડની વિધાનસભા એક ઠરાવ દ્વારા તેને નક્કી કરે.'

દેખીતી રીતે આ કલમો વિરોધાભાસી છે. આ વિરોધાભાસ એ હકીકતથી પરિણમે છે કે આપણા

બંધારણના ઘડવૈયાઓએ પોતાની રીતે, સંપૂર્ણ કલ્પનાના બળ પર, એક વ્યાપક બંધારણ બનાવવાનો પ્રયાસ કર્યો.

આમ કરવામાં, તેઓએ એવા અસંબદ્ધ તત્વોને એકસાથે ભેગા કર્યા જેમની વાસ્તવિક દુનિયામાં એક થવાની કોઈ શક્યતા નથી. સંભવતઃ આ જ કારણ છે કે બંધારણ સભાના વરિષ્ઠ સભ્ય, સર અલ્લાદી કૃષ્ણ સ્વામી અય્યરે એક ભાષણમાં કહ્યું હતું: ‘ભવિષ્યની ધારાસભાઓ સમાન નાગરિક સંહિતાનો પ્રયાસ કરી શકે છે અથવા તેઓ ન પણ કરે.’

# ૧૫ - કાયદાની મર્યાદાઓ

મનુષ્ય દ્વારા નિર્મિત કાયદો કોઈપણ સામાજિક પરંપરા કરતાં ચડિયાતો નથી. માનવ કાયદાની પણ તેની મર્યાદાઓ છે. એક ચોક્કસ હદ પછી માનવ સમાજ પરથી તેની પકડ અદૃશ્ય થઈ જાય છે.

અલ્હાબાદ હાઈકોર્ટે ૧૯૭૫માં એક ચુકાદો આપ્યો, જેણે માત્ર ઈન્દિરા ગાંધીની ચૂંટણીને જ રદબાતલ ઠેરવી ન હતી, પરંતુ તેમને છ વર્ષના સમયગાળા માટે કોઈપણ ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ વાસ્તવમાં એવું બન્યું કે કટોકટીની સ્થિતિ જાહેર કરીને, ઈન્દિરા ગાંધીએ પોતાની જાતને પહેલા કરતાં વધુ શક્તિથી સજ્જ કરી અને કેન્દ્રમાં સરકારમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું.

૧૯૮૬ માં  ડી.પી. અદાલત દ્વારા પસાર કરાયેલા હુકમનામા મુજબ, બાબરી મસ્જિદના બંધ દરવાજા હિન્દુઓ દ્વારા ધાર્મિક વિધિઓ કરવા માટે ખોલવામાં આવ્યા હતાં. દેખીતી રીતે, તેનો હેતુ હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સારા સંબંધો સ્થાપિત કરવાનો હતો, પરંતુ વાસ્તવમાં, તેણે એવો વિનાશ વેર્યો કે હિંદુ-મુસ્લિમ સંબંધો અધોબિન્દુ સુધી ડૂબી ગયા અને ભારત રાજકીય તેમજ આર્થિક આપત્તિની આરે આવી ગયું.

૧૯૮૫માં સુપ્રીમ કોર્ટે શાહ બાનો કેસમાં ચુકાદો આપ્યો, જેનો ઉદ્દેશ્ય દેખીતી રીતે મહિલાઓને ન્યાય આપવાનો હતો. પરંતુ વ્યવહારુ પરિણામ તદ્દન અલગ હતું. રાજીવ

ગાંધી સરકારે કાયદો બનાવીને આ હુકમને રદબાતલ કરી દીધો. ભારતીય જનતા પાર્ટીએ તે સમયે પોતાના રાજકીય હેતુઓ માટે ઝડપથી આ મુદ્દાનો ઉપયોગ કર્યો. આ રીતે, તે સંસદમાં તેના સભ્યોની સંખ્યા ૨ થી વધારીને ૧૧૯ કરવામાં સફળ રહી, અને ઘણા રાજ્યોમાં તે તેની સરકાર બનાવવામાં પણ સફળ રહી.

કાયદાની મર્યાદાઓને એ હકીકત દ્વારા પણ સમર્થન મળે છે કે, ૧૯૫૫ના હિંદુ કોડ બિલ મુજબ, હિંદુને માત્ર એક જ પત્ની રાખવાની છૂટ છે, જોકે ૧૯૬૧ની ભારતીય વસ્તી ગણતરીના અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે હિંદુઓની એક કરતાં વધુ પત્નીઓ હોવાની ટકાવારી મુસ્લિમો કરતાં વધુ હતી.
ભારતમાં તેમના ૨00 વર્ષના શાસન દરમિયાન અંગ્રેજોએ માત્ર પાંચસો કાયદા બનાવ્યા હતા. ૧૯૪૭માં સત્તામાં આવ્યા બાદ આપણા નેતાઓએ ૪૫ વર્ષના ગાળામાં પાંચ હજારથી વધુ કાયદા બનાવ્યા. પરંતુ કાયદાઓમાં સુધારાની અધિકતા માત્ર પ્રતિકૂળ સાબિત થઈ છે. વિવાદો અને ઝઘડાઓ ખૂબ વધી ગયા છે, અને ભ્રષ્ટાચાર એની

પરાકાષ્ઠા પર છે. ન્યાય મેળવવો એ સૌથી મુશ્કેલ કામ બની ગયું છે અને સૌથી વધુ તો સ્ત્રીઓની દુર્દશા અત્યંત ખરાબ થઈ ગઈ છે. આ સ્થિતિ, માત્ર કાયદાઓની સંખ્યામાં ઉમેરો કરવાને બદલે, સમાજને સુધારવા માટે નવી વ્યૂહરચના શોધવાનું સૂચવે છે.

# ૧૬ - ધર્મપરિવર્તનની સમસ્યા

સર્વોચ્ચ અદાલતની ડિવિઝન બેંચ સમક્ષ અન્ય એક અરજી, પરોક્ષ રીતે સમાન નાગરિક સંહિતાને લગતી, શ્રીમતી સરલા મુદગલની આગેવાની હેઠળની મહિલા સંગઠન, 'કલ્યાણી'ની મદદથી ચાર મહિલાઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ મહિલાઓએ જણાવ્યું હતું કે તેમના પતિઓએ ઇસ્લામ સ્વીકાર્યા પછી ફરીથી લગ્ન કર્યાં હતા, જ્યારે તેઓએ તેમની પ્રથમ પત્નીઓને છૂટાછેડા આપ્યા ન હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે તેમના પતિઓએ માત્ર તેના લગ્ન કાયદાનો દુરુપયોગ કરવા માટે ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો જે તેમને બીજી પત્ની

રાખવા સક્ષમ બનાવશે. તેઓએ કોર્ટને વિનંતી કરી કે તેઓ તેમના પતિના પુનર્લગ્નને અમાન્ય ઠેરવીને મદદ કરે.

કોર્ટે આ ચાર હિંદુઓના પુનર્લગ્નને અમાન્ય ગણાવીને તેમને તેમની પ્રથમ પત્નીઓ પાસે પરત ફરવાની અરજી સ્વીકારી હતી. આ ચુકાદો આપતા જસ્ટિસ કુલદિપ સિંહ લખે છે:
'જ્યાં સુધી આપણે, ભારતના તમામ નાગરિકો માટે જે છે તે એક સમાન નાગરિક સંહિતાના ધ્યેયને હાંસલ કરીએ ત્યાં સુધી, પ્રથમ લગ્ન ચાલુ હોય ત્યારે બીજા લગ્ન કરવા માંગતા હોય તેવા હિન્દુ પતિને મુસ્લિમ બનવા માટે ખુલ્લું પ્રલોભન છે. એકપત્નીત્વ એ હિંદુઓ માટેનો કાયદો છે જ્યારે મુસ્લિમ કાયદો ભારતમાં ચાર જેટલી પત્નીઓને પરવાનગી આપે છે, તેથી જ એક ભ્રામક હિંદુ પતિ, હિંદુ કાયદાની જોગવાઈઓને ટાળવા અને દંડના પરિણામોથી બચવા માટે ઈસ્લામ અંગીકાર કરે છે. (પૃ. ૫).

૨૧ જૂન, ૧૯૯૫ના હિન્દુસ્તાન ટાઈમ્સે શ્રી ચમન લાલ વર્મા દ્વારા લખાયેલો એક પત્ર પ્રકાશિત કર્યો હતો જેમાં આ દૃષ્ટિકોણની હિમાયત કરવામાં આવી હતી: "એક ધર્મના

કાયદાની જોગવાઈઓને ટાળવા માટે બીજા ધર્મના કાયદાના દુરુપયોગને રોકવા માટે સમાન નાગરિક સંહિતા જરૂરી છે."

નવા કાયદાઓ બનાવવું એ કોઈ પણ રીતે જૂના કાયદાના દુરુપયોગ સામે રોક લગાવવાનું કામ કરતું નથી. કાયદાનો દુરુપયોગ કરવાની તક હંમેશા રહે છે. કરચોરી રોકવા માટે ઘણા કાયદા અને નિયમો છે તેમ છતાં, કરચોરી ખૂબ મોટા પાયે ચાલુ રહે છે. જ્યારે કોઈ પણ કાયદાનો દુરુપયોગ કરતા લોકોને રોકી શકાય તેમ નથી, તો નાગરિક સંહિતાના દુરુપયોગને રોકવો કેવી રીતે શક્ય બનશે?

વધુમાં, જો સમાન નાગરિક કાયદાના અમલ વિના હિંદુઓ પર કોઈ કાનૂની તપાસ નથી, તો સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયાધીશો તેમના લગ્નને અમાન્ય ગણાવીને આવા ભ્રામક હિંદુઓ વિરૂદ્ધ ચુકાદો જાહેર કરે તે કેવી રીતે શક્ય હતું?

ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૪ પર આધારિત ચુકાદાએ દર્શાવ્યું છે કે, હકીકતમાં, આવા પ્રતિબંધક

કાયદાઓ અસ્તિત્વમાં છે, અને "હાલના કાયદા હેઠળ પણ ગેરરીતિ કરનાર હિંદુને" દુષ્કર્મ માટે કોઈ પ્રલોભન ઉપલબ્ધ નથી. તેથી, અવરોધક તરીકે કાર્ય કરવા માટે નાગરિક સંહિતાની જરૂરત નથી.

# ૧૭ - કલમ ૪૪
# નાબૂદ કરવા યોગ્ય

ઉપરોક્ત વિશ્લેષણ અને પ્રસ્તુત દલીલો સ્પષ્ટ પુરાવો આપે છે કે બંધારણની કલમ ૪૪ની કોઈ કાનૂની સાર્થકતા કે નૈતિક મૂલ્ય નથી. તે ચોક્કસ દિમાગ દ્વારા કલ્પનાનો એક ભાગ હતો. તેને બંધારણમાંથી નાબૂદ કરવી જોઈએ, જેમ નકામું પરિશિષ્ટ માનવ શરીરમાંથી ઓપરેશન દ્વારા દૂર કરી શકાય છે જ્યારે તે સારા સ્વાસ્થ્ય માટે પ્રતિકૂળ સાબિત થાય છે.
આ પ્રકારનું બંધારણીય પરિશિષ્ટ કંઈ નવું નથી. ભારતીય બંધારણમાં વારંવાર આ પ્રકારના ઘટાડાઓ અને ઉમેરાઓ કરવામાં આવ્યા છે. દાખલા તરીકે, પ્રારંભિક બંધારણમાં,

ખાનગી મિલકત એ એકદમ પવિત્ર અધિકાર હતો. બંધારણ દ્વારા સરકારને, વ્યક્તિની કાયદેસરની મિલકત છીનવી લેવાનો અધિકાર આપવામાં આવ્યો ન હતો. પરંતુ ૧૯૫૫માં ચોથો સુધારો અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો, જેમાં રાજ્યને બળ દ્વારા કોઈપણ ખાનગી મિલકત જપ્ત કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. આ અધિનિયમ દ્વારા માલિકને સરકારના વળતરનો દર બજાર દર કરતાં ઓછો જણાય તો કોર્ટમાં અરજી દાખલ કરવાનો તેનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો હતો.

એ જ રીતે, પ્રારંભિક બંધારણમાં ભૂતપૂર્વ રાજાઓને ખાનગી પર્સનો અધિકાર આપવામાં આવ્યો હતો. પરંતુ ૧૯૭૧માં ૨૬મા સુધારાએ આ કલમને નાબૂદ કરી, ખાનગી પર્સ વગેરેને લગતા તમામ બંધારણીય અધિકારોને રદ કર્યાં.

આ દાખલાઓના પ્રકાશમાં બીજા સુધારા દ્વારા બંધારણમાંથી અનુચ્છેદ ૪૪ નાબૂદ કરવું કંઈ અનોખું નહીં હોય. આવા પગલાંથી કોઈ નુકસાન થશે નહીં. તેના બદલે આપણું બંધારણ બોજથી મુક્ત થશે.

# ૧૮ - એકવિધ-સાંસ્કૃતિક રાષ્ટ્ર અને બહુવિધ-સાંસ્કૃતિક રાષ્ટ્ર

છેલ્લાં એકસો વર્ષથી, ભારતમાં બે અલગ-અલગ રાજકીય જૂથોએ દેશને પોતપોતાની વિચારસરણી પ્રમાણે ઘડવાનો પ્રયાસ કર્યો છે, એક બિનસાંપ્રદાયિક વિચારધારાની તરફેણ કરી રહ્યો છે અને બીજો હિંદુવાદ. બંનેના વિચારો એક બીજાથી તદ્દન અલગ છે. વિરોધાભાસ એ છે કે બંને સહમત છે કે ભારતમાં બધા માટે સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ.

નિષ્પક્ષ રીતે જોવામાં આવે તો, એક સમાન નાગરિક સંહિતા બંને જૂથોની વિભાવનાઓ વિરુદ્ધ છે. જો તેઓ તેમની વિચારધારામાં નિષ્ઠાવાન હોય, તો તેઓએ સમાન સંહિતા જેવા વિચારને સમર્થન ન આપવું જોઈએ.

બિનસાંપ્રદાયિકતાનો અર્થ એ છે કે ધર્મની બાબતોમાં રાજ્ય દ્વારા દખલ ન કરવાની નીતિ પસંદ કરવી. સરકાર

આસ્થા અને ધર્મની સ્વતંત્રતાના સિદ્ધાંત અનુસાર, માત્ર સામાન્ય દુન્યવી બાબતોનું સંચાલન કરે છે. આ બિનસાંપ્રદાયિકતાની આ વિચારધારા આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત છે. આ વિચારસરણી પર જ ભારતનું બંધારણ ઘડવામાં આવ્યું છે.
મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે અમુક લોકો બિનસાંપ્રદાયિકતાનું અર્થઘટન એક ધર્મ તરીકે કરે છે, અને પ્રવર્તમાન ધર્મો સાથે જોડીને, બિનસાંપ્રદાયિકતા ખાનગી તેમજ જાહેર જીવનના તમામ પાસાઓને સમાવે છે તેવી માન્યતાને વળગી રહે છે. પરંતુ આ ઉગ્રવાદ છે, જે તમામ ધાર્મિક જૂથો અને નૈતિક પ્રણાલીઓમાં જોવા મળે છે. ઇસ્લામમાં જ ઉગ્રવાદીઓ ઇસ્લામનું એવું અર્થઘટન કરે છે કે જાણે તે સંપૂર્ણપણે રાજકારણ અને યુદ્ધનો ધર્મ હોય. જો કે આ અતિશયોક્તિ અને કટ્ટરતા છે. આ ઇસ્લામનું સાચું પ્રતિનિધિત્વ નથી.

એ હકીકત છે કે બિનસાંપ્રદાયિકતા અને સમાન નાગરિક સંહિતા એકબીજાના વિરોધી ધ્રુવો પર છે. ભારતના બિનસાંપ્રદાયિક જૂથે, જો તે શબ્દના સાચા અર્થમાં એવા

હોય તો, સમાન નાગરિક સંહિતાની વાત ન કરવી જોઈએ, કારણ કે બિનસાંપ્રદાયિકતાનો મૂળ સિદ્ધાંત ધાર્મિક સ્વતંત્રતા અને ખાનગી ક્ષેત્રમાં સ્વતંત્રતા છે.

અન્ય જૂથ, જે હિંદુ વિચારધારાના આધારે આગળ વધવા માંગે છે, તેણે જાણવું જોઈએ કે સમાન નાગરિક સંહિતા હેઠળ વિવિધ જૂથોના લોકોને લાવવાનો પ્રયાસ તેની પોતાના પ્રિય વિચારોની વિરુદ્ધ છે.

હિંદુ વિચારધારાનો મૂળ સિદ્ધાંત સર્વ ધર્મ સંભવ છે, એટલે કે તમામ ધર્મો સાચા છે. હિંદુ ધર્મના મૂળભૂત લક્ષણોમાંથી એક છે -વિવિધતામાં એકતામાં વિશ્વાસ. તેના માટે, વાસ્તવિકતા દેખાવમાં ઘણાં સ્વરૂપો ધરાવે છે પરંતુ આંતરિક સાર એક અને સમાન છે. આમ હિન્દુ ધર્મ અનેકતામાં એકતા જોવામાં માને છે.

નાગરિક સંહિતા, અથવા તે માટેની કોઈપણ બાબત, બાહ્ય સાથે સંબંધ ધરાવે છે, આંતરિક ભાવના સાથે નહીં. તેથી, વિવિધ જૂથોના વ્યક્તિગત કાયદાઓને દૂર કરીને એક જ

નાગરિક સંહિતા લાગુ કરવાનો પ્રયાસ કરવો તે હિંદુ દૃષ્ટિકોણની વિરુદ્ધ જાય છે.

પશ્ચિમના તમામ વિકસિત દેશો (ઉદાહરણ તરીકે, બ્રિટન, જર્મની, ફ્રાન્સ, વગેરે) બહુવિધ-સંસ્કૃતિ રાષ્ટ્રના સિદ્ધાંતમાં વિશ્વાસ કરે છે અને તેનું પાલન કરે છે. સિંગાપોર જેવા નાના દેશોથી લઈને અમેરિકા જેવા વિશાળ દેશો સુધી બધા આ જ સિદ્ધાંતને અપનાવીને પ્રગતિ કરી રહ્યાં છે. સોવિયેત યુનિયન કદાચ એકમાત્ર એવો દેશ છે જ્યાં એક-સાંસ્કૃતિક રાષ્ટ્રના વિકાસ માટે રાજ્ય સ્તરે પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ ધ્યેય હાંસલ કરવા માટે તમામ પ્રકારની રાજ્ય શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરંતુ આ ધ્યેય હાંસલ કરવાથી દૂર, સોવિયેત યુનિયન પોતે જ વિખેરાઈ ગયું.

સત્ય એ છે કે આ બાબતોમાં એકરૂપતા કાયદાને બદલે માનવ ઇતિહાસ સાથે સંબંધિત છે. જો ઐતિહાસિક પ્રક્રિયા દ્વારા, સમાજમાં એક સમાન સંસ્કૃતિ અસ્તિત્વમાં આવે છે, તો એક સમાન સંહિતા પણ અનુસરશે. કાનૂની ધારાએ કુદરતી વલણો સાથે સુસંગત રહી તેને અનુસરવું જોઈએ.

# ૧૯ - વસતી વધારાનો ભય

એક સર્વે મુજબ (ધ હિન્દુસ્તાન ટાઈમ્સ, ૧૭ જુલાઈ, ૧૯૯૫) સંખ્યાબંધ વરિષ્ઠ નાગરિકોએ આ મુદ્દો ઉઠાવ્યો છે કે લગ્ન જેવી બાબતો અત્યંત ખાનગી છે. જો કોઈ સમુદાય તેના રિવાજો અને પરંપરાઓને વળગી રહેવા માંગતો હોય તો બીજા સમુદાયના લોકોને આમાં કોઈ વાંધો શા માટે હોય? આની સામે અમુક ઉગ્રવાદી રાજકીય તત્ત્વો સમાન નાગરિક સંહિતાના અમલને લઈને આવો હોબાળો શા માટે કરી રહ્યાં છે? તેઓએ એવું પણ જાહેર કર્યું છે કે આગામી લોકસભા ચૂંટણીમાં તેમનો ચૂંટણીનો મુખ્ય મુદ્દો સમાન નાગરિક સંહિતા હશે. તેઓ ચોક્કસ જાણે છે કે વર્તમાન સંજોગોમાં આવો કાયદો ઘડવાની કોઈ શક્યતા જ નથી; અને તેમના ઉત્સાહને સમાન નાગરિક સંહિતા સાથે કશું જ લેવાદેવા નથી, તેનો સંબંધ ફક્ત તાવીજ તરીકે ઉપયોગ કરીને રાજકીય ફાયદાઓ મેળવવા સાથે જોડાયેલ છે. આ ઉગ્રવાદી તત્ત્વો, ખૂબ જ સારી રીતે ગણાતી ચાલમાં, એવો ખોટો પ્રચાર કરી રહ્યા છે કે મુસ્લિમોની વસ્તી ખૂબ જ

ઝડપી ગતિએ વધી રહી છે અને પરિણામે, આગામી સદીના પૂર્વાર્ધ સુધીમાં મુસ્લિમો બહુમતીમાં આવી જશે અને હિંદુઓ તેમના જ દેશમાં લઘુમતી બની જશે.

આ પાયાવિહોણા પ્રચારને સમર્થન આપવા માટે એક આકર્ષક વિચારની શોધ કરવામાં આવી છે. બહુમતી સમુદાયના લોકોને કહેવામાં આવી રહ્યું છે કે આઝાદી પછી રચાયેલી સરકારે હિંદુ લગ્ન અધિનિયમ દ્વારા કાયદેસર રીતે હિંદુઓને માત્ર એક જ પત્ની માટે પરવાનગી આપી, જ્યારે મુસ્લિમ પર્સનલ લૉ (૧૮૯૦), દરેક મુસ્લિમને ચાર પત્નીઓ રાખવાની પરવાનગી આપે છે. આમ ભારપૂર્વક કહેવામાં આવે છે કે એક મુસ્લિમ એક હિંદુ કરતાં ચાર ગણા વધુ બાળકો પેદા કરી શકે છે. જેથી હિંદુ વસ્તી અંકગણિત રીતે વધે તો મુસ્લિમ વસ્તી ભૌમિતિક રીતે વધશે. તેમના રાજકીય વિરોધીનું આ ભયાનક ચિત્ર દોરીને, પ્રચારકો હિંદુઓમાં તેમની મતબેંક બનાવી રહ્યાં છે. આ પ્રચાર તદ્દન પાયા વિહોણો છે. જન્મ દર, સમાજમાં બાળક પેદા કરતી સ્ત્રીઓની સંખ્યા પર આધારિત છે, લગ્ન કે લગ્નના પ્રકારો પર નહીં. કોઈ પણ સંજોગોમાં, મુસ્લિમો

સામાન્ય રીતે માત્ર એક જ વાર લગ્ન કરે છે. હું ૭૩ વર્ષનો છું, અને મારા સમગ્ર જીવનમાં એકપણ મુસ્લિમ હજુ સુધી મારા ધ્યાન પર આવ્યો નથી જેને ચાર પત્નીઓ હોય. આ શક્ય પણ નથી, કારણ કે મુસ્લિમ પુરુષો ચાર સ્ત્રીઓ સાથે ત્યારે જ લગ્ન કરી શકે છે જ્યારે સ્ત્રીઓની સંખ્યા પુરુષોની સંખ્યા કરતાં ચાર ગણી હોય-અથવા તેમની પાસે જરૂરી સંખ્યામાં સ્ત્રીઓ પેદા કરવાની ફેક્ટરી હોય! પણ આજના મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓ પુરૂષો કરતાં વધુ નથી, કે સ્ત્રીઓ પેદા કરવાની કોઈ ફેક્ટરી પણ નથી! શ્રી બલરાજ પુરી દ્વારા આ વિષય પરનો એક ફકરો ટાંકવા યોગ્ય છે:

"બહુપત્નીત્વની કાનૂની જોગવાઈ તેના અમલ તરફ દોરી જાય છે તેવી આશંકાનો પ્રથમ આધાર આંકડાકીય અભ્યાસો દ્વારા સાબિત થતો નથી. નેશનલ કમિશન ઓન ધ સ્ટેટસ ઓફ વુમનના રિપોર્ટ અનુસાર, અન્ય સમુદાયોની સરખામણીમાં મુસ્લિમોમાં બહુપત્નીત્વનું પ્રમાણ ઓછું જોવા મળે છે."

“બીજો આધાર કે બહુપત્નીત્વ મુસ્લિમ વસ્તીમાં ઝડપથી વધારો કરશે, તે તાર્કિક રીતે ભ્રામક છે. કારણ કે, સંતાન પેદા કરતી સ્ત્રીઓની સંખ્યા સ્થિર છે, એટલે જો તેમાંથી કેટલાક લોકો એક કરતાં વધુ લગ્ન કરે તો કદાચ બીજા ઘણા પુરુષોને પત્નીઓ ન મળે. કોઈપણ સમુદાયમાં મોટી સંખ્યામાં અપરિણીત પુરૂષો કોઈપણ રીતે તેની પ્રજનન ક્ષમતામાં વધારો કરતા નથી. દેખીતી રીતે ચાર પત્નીઓ ધરાવતા ચાર પુરુષો, ચાર પત્નીઓ ધરાવતા એક પુરુષ કરતાં વધુ બાળકો પેદા કરે તેવી શક્યતા છે. આમ બહુપત્નીત્વ વસ્તી વૃદ્ધિ દરને ઝડપી બનાવવાને બદલે તેને ધીમો પાડે છે” (ઈન્ડિયન એક્સપ્રેસ જુલાઈ ૬, ૧૯૯૫).

તે લગભગ નિશ્ચિત છે કે ઉપરોક્ત ઉગ્રવાદી રાજકીય જૂથ આગામી ચૂંટણીમાં હિંદુ મતદારોને કહેશે, “જુઓ, બંધારણની કલમ અને સુપ્રીમ કોર્ટનું હુકમનામું હોવા છતાં, મુસ્લિમો સમાન નાગરિક સંહિતા માટે સંમત નથી. તેઓ આવા કાયદાનો વિરોધ કરે છે કારણ કે પછીથી તેઓને ચાર પત્નીઓ રાખવાનો અધિકાર નહીં મળે અને પછી તેઓ તેમની વસ્તી વધારી શકશે નહીં અને હિંદુઓને

લઘુમતીમાં ફેરવી શકશે નહીં." તેઓ મતદારોને તેમના મત આપવા માટે કહેશે જેથી સત્તા પર કબજો કર્યા પછી તેઓ તેમને આ જોખમથી બચાવી શકે. આ પ્રચારની પાયાવિહોણીતાનો પુરાવો એ છે કે તેને ભગવાનની દુનિયામાં સફળતા મળતી નથી.

# ૨૦ - સમાનતા નહી, સમાયોજન

ભારતીય સંસદે ૧૯૫૪માં વિશેષ લગ્ન અધિનિયમ પસાર કર્યો હતો, જે મુજબ પુરૂષો અને સ્ત્રીઓ વિશેષ અદાલતમાં જઈ શકે છે, અને કોઈપણ ધાર્મિક સંસ્કાર કર્યા વિના કાયદેસર પતિ-પત્ની તરીકે મેજિસ્ટ્રેટ સમક્ષ સ્વીકૃત કરાવી શકે છે. જો બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોને અનુસરીને ધર્મનિરપેક્ષ નિતીઓ સાથે સમાન નાગરિક સંહિતા ઘડવામાં આવે તો તે વર્તમાન વિશેષ લગ્ન અધિનિયમનું વિસ્તરણ હશે. આ અધિનિયમ મુજબ કેટલા લોકોએ લગ્ન કર્યા છે તે જાણવા માટે મેં દિલ્હીમાં એક સર્વેક્ષણ કર્યું હતું. ઘણી પૂછપરછ પછી હું માત્ર બે જ યુગલો શોધી શક્યો, એક હિંદુ અને એક મુસ્લિમ, જેમણે કોઈપણ

ધાર્મિક વિધિઓમાંથી પસાર થયા વિના લગ્ન કર્યાં હતા. તેઓ માત્ર કોર્ટમાં ગયા અને તેમના લગ્નની નોંધણી કરાવી. પરંતુ તેમના લગ્ન ટૂંકા ગાળાના હતા, અને હવે તેઓ અલગ થઈ ગયા છે. વધુ સંશોધન પછી મને જાણવા મળ્યું કે અલગ થવાનું કારણ "અહંકાર" હતો. બંને નાની નાની બાબતો પર ઝઘડતા હતા, અને તેમની વારંવારની દલીલો આખરે તેમને કાયમી અલગ થવા તરફ દોરી ગઈ હતી.

સ્ત્રી અને પુરુષ વચ્ચેની સમાનતાનો આધુનિક ખ્યાલ કાગળ પર ખૂબ જ આકર્ષક દેખાય છે. પરંતુ જીવનમાં જે સૌથી વધુ મહત્વનું છે તે સમાયોજન છે, સમાનતા નથી. સમાનતાની વિભાવના અધિકારોની માગણીની માનસિકતા માટે જવાબદાર છે, જ્યારે સમાયોજનની વિભાવના ફરજો પૂરી કરવાની માનસિકતા પેદા કરે છે. તેથી જ સમાનતામાં માનતા સ્ત્રી-પુરુષોએ ઘણીવાર છૂટાછેડાનો આશરો લેવો પડે છે, જ્યારે સમાયોજનમાં માનનારાઓ સફળ ઘર બનાવે છે.

જાપાન પરના એક પુસ્તકમાં એવું કહેવામાં આવ્યું છે કે જાપાની પુરુષો અને સ્ત્રીઓનું સૂત્ર છે 'હું કોઈના હાથ નીચે છું.' આ લાગણીને કારણે જાપાની તેના અથવા તેણીના જીવનસાથી સાથે સમાયોજીત (એડજસ્ટ) થવા માટે હંમેશા તૈયાર હોય છે. એવું કહેવાય છે કે અમેરિકન સ્ત્રી સૌથી ખરાબ પત્ની છે અને જાપાની સ્ત્રી શ્રેષ્ઠ પત્ની છે. આ તેમની વિવિધ માનસિકતાના સંદર્ભમાં સમજાવી શકાય તેમ છે. અમેરિકન સ્ત્રી સમાનતાના વિચારથી ગ્રસ્ત છે, જ્યારે જાપાની સ્ત્રી સમાનતા અને અસમાનતાના સંદર્ભના વિચારથી ઉપર ઉઠી છે. તે માત્ર એટલું જ જાણે છે કે તેણે સમાયોજનના (એડજસ્ટમેન્ટના) સિદ્ધાંત પ્રમાણે પોતાનું જીવન જીવવાનું છે. તેથી જ અમેરિકન મહિલા વૈવાહિક જીવનમાં નિષ્ફળ જાય છે, જ્યારે જાપાની મહિલા સફળ થાય છે. સારા કુટુંબનું નિર્માણ કરવા માટે, આપણે સમાનતાના પશ્ચિમી ખ્યાલને બદલે સમાયોજન (એડજસ્ટમેન્ટ) પર ભાર મૂકવો પડશે.

# ૨૧ - હિંદુ સમુદાયના રિવાજો

હિન્દુઓમાં લગનના રિવાજોની પોતાની કોઈ એક જ પદ્ધતિ નથી. તેમના સેંકડો જૂથો છે અને દરેક તેના પોતાના કુટુંબ અથવા પ્રાદેશિક રિવાજો અને પરંપરાઓ અનુસાર લગ્ન કરે છે. દાખલા તરીકે, જાણીતા ક્રિકેટ ખેલાડી, સચિન તેંડુલકરે ૨૫ મે, ૧૯૯૫ના રોજ બોમ્બેમાં અંજલિ મહેતા સાથે પરંપરાગત મહારાષ્ટ્રીયન શૈલીમાં લગ્ન કર્યાં હતાં. (ધ પાયોનિયર, ૨૬ મે, ૧૯૯૫).

૨૨ મે, ૧૯૯૫ના ધ હિન્દુસ્તાન ટાઈમ્સ અનુસાર, લગભગ તમામ હિંદુઓ હજુ પણ ધાર્મિક રિવાજો દ્વારા જ તેમના લગ્નની ઉજવણી કરે છે, જો કે તેમને ૧૯૫૪ના સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ સિવિલ પ્રક્રિયા પસંદ કરવા માટે છૂટ છે.

આ કોઈ આકસ્મિક બાબત નથી. તે અનિવાર્ય છે.

લગ્ન અત્યંત ખાનગી બાબતોના ક્ષેત્રમાં છે, જેમાં દરેક સમુદાય હંમેશા તેના પોતાના કુટુંબ અથવા સમુદાયની પરંપરાઓ અને સંસ્કારોનું પાલન કરે છે. બીજો કોઈ રસ્તો શક્ય નથી.

# ૨૨ - વાસ્તવિક જરૂરત
# એક રાષ્ટ્રીય ચારિત્ર્ય

ભારતને અખંડ, શાંતિપૂર્ણ અને વિકસિત દેશ બનાવવા માટે ખરેખર જેની જરૂર છે તે રાષ્ટ્રીય ચારિત્ર્ય છે. દેશની તમામ ખામીઓ અને ઉણપો, તમામ ભ્રષ્ટાચાર, એક કારણ તરફ દોરી જાય છે - આઝાદી પછી લોકોમાં રાષ્ટ્રીય ચારિત્ર્ય પેદા કરવાની અસમર્થતતા.

રાષ્ટ્રીય અભિગમ એ વ્યક્તિગત અભિગમની વિરુદ્ધ છે. આમાં બીજા કિસ્સામાં રાષ્ટ્રીય હિતોને બદલે વ્યક્તિગત હિતોને મહત્વ આપવામાં આવે છે. જ્યારે પણ બે

માંગણીઓ વચ્ચે અથડામણ થાય છે, આદર્શ રીતે, રાષ્ટ્રીય હિત કરતાં વ્યક્તિગત હિત ગૌણ હોવું જોઈએ.

જો કોઈ વિદેશી દેશ તમને ખરીદવા માંગે છે, તો તમારા દેશ પ્રત્યેના તમારા પ્રેમે તમને પોતાને વેચતા અટકાવવા જોઈએ. જો તમારા વ્યક્તિગત હિત માટે ટેક્સની ચુકવણી ન કરવી હોય તો પણ તમારે ટેક્સ ચૂકવવો જોઈએ કારણ કે તે રાષ્ટ્રના હિતમાં છે. ભેળસેળવાળો માલ તમને વધુ નફો અપાવે છે, પરંતુ તમારે ભેળસેળથી દૂર રહેવું જોઈએ કારણ કે તે દેશની પ્રગતિ અવરોધશે.

વ્યક્તિગત ફરિયાદો હોવા છતાં, તમારે રાજ્યની મિલકતને નુકસાન ન કરવું જોઈએ. તેમ જ તમારે આર્થિક ચક્રને રોકવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં, કારણ કે તે આ દેશ માટે વિનાશ નોતરશે. જો તમે ચૂંટણી હારી જાઓ તો તમારે ખુલ્લા હૃદયે તમારી હાર સ્વીકારવી જોઈએ. હાર સ્વીકારવાનો ઇનકાર સમગ્ર રાજકીય વ્યવસ્થાની વિકૃતિમાં પરિણમે છે.

જો તમે જવાબદારીનો હોદ્દો ધરાવો છો, તો નાણાકીય લાભ માટે નિંદાત્મક વર્તન ટાળો, કારણ કે આવા વર્તનથી દેશના આર્થિક માળખા પર વિપરીત અસર પડે છે. એકવાર તમે સત્તાની બેઠક કબજે કરી લો, પછી તમારે તેને કાયમ માટે વળગી રહેવાની ઈચ્છા ન કરવી જોઈએ; આવો રાજકીય સ્વાર્થ દેશના લોકતાંત્રિક માળખાને વિનાશના આરે લાવે છે.
જો તમે નેતા છો, તો તમારે તમારું સંપૂર્ણ ધ્યાન તમારા પોતાના ચૂંટણીના હિત પર ન આપવું જોઈએ; જો તમે તમારી વોટબેંક બનાવવા માટે એક જૂથ અને બીજા જૂથમાં ભય અને ધિક્કાર જગાવો છો, તો તમે એક રીતે દેશને રાજકીય નાદારી તરફ દોરી રહ્યા છો.

દેશની ઉન્નતિ માટે સાચી દેશભક્તિ જરૂરી છે. પરંતુ આ તે જ વસ્તુ છે જે આપણા દેશમાં અસ્તિત્વમાં નથી. એવું લાગે છે કે દરેક વ્યક્તિ  દેશ પ્રેમીને બદલે સ્વ-પ્રેમી બની ગયો છે. દરેક વ્યક્તિએ પોતાના અંગત સ્વાર્થોથી દેશના હિતોને ગ્રહણ લગાવ્યું છે.

આ સ્વ-પૂજા જ દેશને બરબાદી તરફ લાવી છે, જે સામાન્ય રીતે દુ:ખદ બાબત છે.

સમાન નાગરિક સંહિતા અપનાવવા જેવા ઉપરછલ્લા પગલાઓથી ક્યારેય દેશભક્તિ પેદા થઈ શકતી નથી. તેના કરતાં લોકોની વિચારસરણીને રચનાત્મક દિશામાં વાળવી પડશે.

આ માટે આપણે તમામ સંસાધનોનો ઉપયોગ કરીને લોકોને શિક્ષિત કરવા પડશે. આપણે બૌદ્ધિક જાગૃતિ અને જાગૃતિનું સતત અને વ્યાપક અભિયાન ચલાવવું પડશે.

આ નિઃશંકપણે એક ભગિરથ કાર્ય છે. પરંતુ એ સ્વીકારવું જ રહ્યું કે તેની અવેજીમાં બીજો કોઈ ઉપાય નથી. તેનો કોઈ જ વિકલ્પ નથી.

# ૨૩. શિક્ષણનું મહત્વ

બંધારણના નિર્દેશક સિદ્ધાંતો હેઠળની કલમોમાંથી એક જણાવે છે:

રાજ્ય આ બંધારણની શરૂઆતથી દસ વર્ષની અંદર, તમામ બાળકો માટે તેઓ ચૌદ વર્ષની વય પૂર્ણ ન કરે ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ પ્રદાન કરવાનો પ્રયાસ કરશે.

અમે વિરોધાભાસી થવાના કોઈ ભય વિના કહી શકીએ છીએ કે આ કલમ સંભવતઃ નિર્દેશક સિદ્ધાંતો હેઠળની તમામ કલમોમાં સૌથી મહત્વપૂર્ણ છે, તેમ છતાં અમને લાગે છે કે આ કલમને સૌથી ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. સુપ્રિમ કોર્ટે ક્યારેય સરકારને પૂછવાની જરૂર નથી અનુભવી કે તે અડધી સદીના સમયગાળા પછી પણ આ કલમ લાગુ કરવામાં કેમ નિષ્ફળ રહી છે.

ભારતનું બંધારણ ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ ના રોજ અપનાવવામાં આવ્યું હતું. આનો અર્થ એ થયો કે દસ વર્ષનો નિયત સમયગાળો નવેમ્બર ૧૯૫૯ માં પૂર્ણ થયો. જોકે બીજા 36 વર્ષ વીતી ગયા તેમ છતાં, આપણા તમામ યુવાનોને શિક્ષણ આપવાનું લક્ષ્ય માત્ર આંશિક રીતે જ પ્રાપ્ત થયું છે.

રાષ્ટ્રીય નિર્માણના હેતુ માટે શિક્ષણનું મહત્વ એટલું મોટું છે કે, તેની સરખામણીમાં સમાન નાગરિક સંહિતાની બાબત ગૌણ મુદ્દો બની જાય છે. આવી સ્થિતિમાં આપણું મુખ્ય લક્ષ્ય દેશની વસ્તીને શત ટકા શિક્ષણ આપવાનો હોવો જોઈએ. આ સિવાય અન્ય લક્ષ્યો નક્કી કરવાનો અર્થ એ છે કે મહત્વની બાબતથી તુચ્છ બાબત તરફ ભાર મૂકવો. વાસ્તવિક મહત્વની બાબતોની અવગણના કરીને, મામૂલી બાબતો પર આપણું ધ્યાન કેન્દ્રિત કરવું, એ રાષ્ટ્રીય સેવા કરતાં ગુનો વધુ છે.

# ૨૪. શિક્ષણ ફક્ત નોકરી માટે નથી

શિક્ષણ એ માત્ર નોકરીમાં પ્રવેશવાનું સાધન નથી. તેનું વાસ્તવિક મહત્વ એ છે કે તે જાગૃતિ ફેલાવે છે, બૌદ્ધિક જાગૃતિની રચના કરે છે. તેનાથી યોગ્ય વિચારનો વિકાસ થાય છે.

સમાજ અથવા રાષ્ટ્રમાં, તમામ હકારાત્મક અથવા ઉપયોગી ઘટનાઓ તે લોકો દ્વારા લાવવામાં આવે છે જેઓ સાચા વિચારકો છે.

સાચો વિચાર લોકોમાં દૂરદર્શિતા લાવે છે. તે તેમને મતભેદોનો સામનો કેવી રીતે કરવો તે શીખવે. તે લોકોને તેમની ખામીઓને ખૂબીઓમાં ફેરવવા અને સારા અને ખરાબ વચ્ચે તફાવત કરવા માટે પરિપક્વતા આપે છે. યોગ્ય વિચારસરણી દ્વારા માનવી આંતરિક વાસ્તવિકતાને જોવા માટે સક્ષમ બને છે. યોગ્ય વિચારસરણી યોગ્ય ક્રિયામાં પરિણમે છે, અને માત્ર યોગ્ય ક્રિયા જ સમૂહ અથવા વ્યક્તિને સફળતાના મુકામ સુધી લઈ જઈ શકે છે.

# ૨૫. જેની વાસ્તવિક જરૂરત છે

સમાજમાં એકતા અને અખંડિતતાનું વાતાવરણ લોકપ્રિય લગ્ન રિવાજોની એકરૂપતાથી નથી આવતું; તે યોગ્ય વિચાર કરવા સક્ષમ લોકોમાંથી આવે છે.

ચાલો એક ઉદાહરણ જોઈએ કે સાચા વિચારનો મતલબ શું :

એકવાર સ્વામી વિવેકાનંદ (૧૮૬૩- ૧૯૦૨)ને તેમના એક ખ્રિસ્તી મિત્ર દ્વારા તેના ઘરે આમંત્રણ આપવામાં આવ્યું હતું. સ્વામીજીની ક્ષમતાને ચકાસવા માટે તેમના મિત્રએ બેઠક રૂમમાં એક ટેબલ પર સંખ્યાબંધ ધાર્મિક પુસ્તકો મૂક્યા. જેમાં ટોચ પર બાઇબલ અને બાકીના પુસ્તકો વચ્ચે હતા અને રામાયણને સૌથી નીચલા સ્તરે મૂકવામાં આવ્યું હતું. જ્યારે સ્વામી વિવેકાનંદ રૂમમાં પ્રવેશ્યા, ત્યારે ખ્રિસ્તી યજમાને પુસ્તકો તરફ ઈશારો કરીને પૂછ્યું, “તમારી ટિપ્પણી શું છે?” સ્વામીજી ગોઠવણ જોઈને હસ્યા અને ટિપ્પણી કરી, “પાયો ખરેખર સારો છે.”

જો સ્વામીજી આને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવવા માંગતા હોત, તો તેમણે આક્રોશના સ્પષ્ટ સંકેતો દર્શાવ્યા હોત અને પૂછ્યું હોત: "શું તમે મને શરમમાં મૂકવા માટે અહીં આમંત્રણ આપ્યું છે?" બંનેએ ઉગ્ર શબ્દોની આપ-લે કરી હોત. મામલો ત્યાં સુધી વધી ગયો હોત જ્યાં પોલીસને બોલાવવી પડતે. પરંતુ તેને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવવાને

બદલે સ્વામીજીએ આ મુદ્દાને સાવ ટાળી જ દીધો. પરિણામે, એક બાબત જે કદાચ લડાઈમાં પરિણમી હોત તે બંને વચ્ચે સ્મિતના વિનિમયમાં સમાપ્ત થઈ.

આ કેવી રીતે બન્યું કે સ્વામીજી આવી રીતે પરિસ્થિતિને સાચવવામાં સક્ષમ હતા. શું તે એટલા માટે બન્યું કે તેઓ અને તેમના ખ્રિસ્તી યજમાન સમાન નાગરિક સંહિતાનું પાલન કરતા હતા? સ્પષ્ટરૂપે નહીં.

તેમની સંપૂર્ણ યુક્તિનું એકમાત્ર કારણ ઉચ્ચ સ્તરનું શિક્ષણ હતું જેણે તેમને સંપૂર્ણ જાગૃત વ્યક્તિ બનાવ્યા હતાં. તે જાણતા હતા કે કોઈપણ નકારાત્મક ઘટનાને હકારાત્મક વળાંક આપી શકાય છે. તે વિચારવાની કળા જાણતા હતાં. તેઓ જીવનના વિજ્ઞાનથી વાકેફ હતાં. તે જાણતો હતાં કે મતભેદો હોવા છતાં વ્યક્તિ એકબીજા સાથે સુમેળમાં રહી શકે છે. અને તેથી, ખરૂ રહસ્ય સ્વામીજીની બૌદ્ધિક જાગૃતિમાં રહેલું છે અને સમાન નાગરિક સંહિતામાં નહીં.

# ૨૬. મુસ્લિમોને સલાહ

નિષ્કર્ષમાં, હું સુપ્રીમ કોર્ટ (૧૯૯૫)ના હાલના ચુકાદાના સંદર્ભમાં મુસ્લિમોને વિનંતી કરીશ કે તેઓ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચુકાદા (૧૯૮૫)ના કિસ્સામાં જે ભૂલ કરે છે તેનું પુનરાવર્તન ન કરે. દસ વર્ષ પહેલાં જ્યારે સુપ્રીમ કોર્ટે શાહ બાનો કેસમાં ચુકાદો આપ્યો ત્યારે સમગ્ર દેશમાં મુસ્લિમોએ રેલીઓ અને સરઘસોની શ્રેણી શરૂ કરીને વિરોધ કર્યો, જેનો સીધો ફાયદો દેશના ઉગ્રવાદી હિંદુ તત્વોને થયો.

હવે, ફરી એકવાર, આ તત્વો મુસ્લિમોને ઉશ્કેરી, તે શેરીઓમાં આવે તેની રાહ જોઈ રહ્યા છે જેથી તેઓ મુસ્લિમ જોખમનો ભય પેદા કરી તેમની વોટ-બેંક ઉભી કરી શકે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો તેના વર્તમાન સ્વરૂપમાં મુસ્લિમો માટે કોઈ પણ રીતે જોખમી નથી. પરંતુ જો મુસ્લિમો ફરી એકવાર આવી જ વિરોધ પદ્ધતિઓ અપનાવશે તો તે ચોક્કસપણે જોખમમાં ફેરવાઈ શકે છે.

આ વિશ્વ એક પડકાર અને સ્પર્ધા છે.

અહીં દરેક વ્યક્તિ બીજાની નબળાઈનો ઉપયોગ કરવાની તકની રાહ જોઈ રહ્યો છે. એક માણસ તેની તક જુએ છે જ્યારે બીજો અણગમાથી ઉશ્કેરાઈને ઉતાવળમાં પગલું ભરે છે. તેથી જ કુરાન કહે છે:

‘પછી ધીરજ સાથે સહન કરો, જેમ કે તમારા પહેલાના અટલ સંદેશવાહકો હતા, અને ઉતાવળ કરવાનો પ્રયાસ કરશો નહીં’ (૪૬:૩૫).

ધૈર્યનો માર્ગ તમારા પ્રતિસ્પર્ધીને તમારી નબળાઈનો ઉપયોગ કરવાની તકને નકારે છે. અધીરા માર્ગ તમને એવી ભૂલો તરફ દોરી જાય છે જેના કારણે તમે અન્યના કાવતરાનો આસાન શિકાર બની શકો છો.

ચોક્કસપણે ચારેબાજુ કાવતરા ઘડવામાં આવી શકે છે, પરંતુ તમે તેનો ભોગ બનશો કે નહીં તે તમારા પોતાના હાથમાં છે. આમાં કોઈપણ લક્ષિત વ્યક્તિ અથવા સમુદાયની સફળતાનું રહસ્ય છુપાયું છે.